RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 207* Date: 25.05.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારત વિશ્વમાં ૧૦મો અને એશિયાનો બીજો સૌથી સંક્રમિત દેશ બનવાની નજીક

# ભારતમાં કોરોના હવે બેકાબૂ: ૨૪ કલાકમાં ૬૬૬૧ કેસ

*ન્યુ દિલ્હી,તા.૨૪*

ભારતમાં કોરોના રોગચાળાએ માઝા મૂકી હોય અને ખરા અર્થમાં બેકાબુ બની ગયો હોય તેમ ફરીથી છેલ્લાં ૨૪ કલાકમાં ૬૬૬૧ જેટલા કેસો નોંધાયા હતા. જે ગઇ કાલ કરતાં વધારે અને અત્યાર સુધીમાં નોંધાયોલા કેસોમાં સૌથી વધારે હોવાની નોંધ સત્તાવાળા દ્વારા લેવામાં આવી છે. જ્યારે ૧૪૭ લોકોના મોત નિપજ્યા છે. એટલુ જ નહીં છેલ્લાં ૫ દિવસ સસતત ૫ હજાર કરતાં વધારે કેસો બહાર આવ્યાં છે. પોઝીટીવ કેસોની સંખ્યામાં ભારત હવે ઈરાનને પાછળ રાખી વિશ્વમાં ૧૦મો અને એશિયાનો બીજો સૌથી સંક્રમિત દેશ બનવાની નજીક પહોંચી રહ્યો છે. જેને એક ભયજનક બાબત તરીકે જોવામાં આવી રહ્યું છે. ઈરાનમાં ૧,૩૩,૫૨૧ કેસ નોંધાયા છે તો ભારતમાં સંક્રમણના કેસ ૧,૩૧,૪૨૦ પર પહોંચી ગયા છે. અને ૩૮૬૭ લોકોના મોત થયા છે. જ્યારે પૂર્વોત્તરના રાજ્ય સિક્કીમમાં કોરોના સંક્રમણનો પ્રથમ કેસ સામે આવ્યો છે, દિલ્હીથી પરત ફરેલા વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.



ભારતમાં સતત ત્રીજા દિવસે કોરોનાના પોઝિટિવ કેસના દર્દીઓનો નવો રેકોર્ડ જોવા મળ્યો છે. રવિવારે સવારે આઠ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૬ હજાર ૭૬૭ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે તેના હેલ્થ બુલેટિનમાં માહિતી આપી છે કે, દેશમાં કોરોનાના કુલ ૧ લાખ ૩૧ હજાર ૮૬૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે આ સમયગાળા દરમિયાન ૩૮૬૭ ના મોત થયાં છે. એ પહેલા બે દિવસમાં અનુક્રમે ૬,૦૮૮ અને ૬,૬૫૪ નવા કેસો બહાર આવ્યાં હતા.. મંત્રાલયના જણાવ્યા અનુસાર દેશમાં અત્યાર સુધીમાં કુલ ૭૩,૫૬૦ એક્ટિવ કેસ છે. તેમજ અત્યાર સુધીમાં ૫૪,૪૪૧ દર્દી સ્વસ્થ થયાં છે. દર્દીઓના સ્વસ્થ થવાનો વર્તમાન દર ૪૧.૨૮ ટકા છે.

શનિવારે સૌથી વધુ ૬ હજાર ૬૬૧ દર્દી ઉમેરાયા હતા. મહારાષ્ટ્રમાં ૨૬૦૮, તમિલનાડુમાં ૭૫૯, દિલ્હીમાં ૫૯૧, ગુજરાતમાં ૩૯૬, ઉત્તર પ્રદેશમાં ૨૮૨, મધ્ય પ્રદેશમાં ૨૦૧ અને રાજસ્થાનમાં ૨૪૮ દર્દી મળ્યા હતા.

કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગના મતે દેશમાં ૧ લાખ ૩૧ હજાર ૮૬૮ દર્દી મળ્યા છે. આ પૈકી ૭૩ હજાર ૫૬૦ દર્દીનો ઈલાજ ચાલી રહ્યો છે. જ્યારે ૫૪ હજાર ૪૪૦ દર્દીને સારૂ થઈ ગયુ છે અને ૩૮૬૭ લોકોના મોત થયા છે.

દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના સૌથી વધુ ૪૭,૧૯૦ કેસ મહારાષ્ટ્રમા નોંધાયા છે. આ ઉપરાંત તમિલનાડુમાં ૧૫,૫૧૨ કેસ છે અને તે બીજા ક્રમે છે જ્યારે ગુજરાત ૧૩,૬૬૪ કેસ સાથે ત્રીજા ક્રમે છે. દિલ્હીમાં ૧૨,૯૧૦ કેસ રહેતા તે પણ કોરોના કેસોના ટોપ ફાઈવ રાજ્યની યાદીમાં આવે છે. રાજસ્થાનમાં કુલ ૬,૭૪૨ કેસ નોંધાયા છે.

પંજાબના જાલંધરમાં કેટલાક પ્રવાસી શ્રમિકો તેમના ગામ જવા માટે રજીસ્ટ્રેશનની પ્રતિક્ષામાં ૫ દિવસથી ફ્લાઈઓવરની નીચે બેઠા છે. તેમનું કહેવું છે કે તેમને અહીં ભોજન-પાણી પણ મળ્યું નથી. દિલ્હીના જેલ વિભાગે કોરોનાના જોખમને ૬૦ વર્ષથી વધારે ઉંમરના દર્દીઓને ઈમર્જન્સી પેરોલ આપવાનો નિર્ણય કર્યો છે.

ઓડિશામાં એક મહિલાએ શ્રમિક સ્પેશિયલ ટ્રેનમાં બાળકને જન્મ આપ્યો. આ ટ્રેન તેલંગાણાના સિકંદરાબાદથી ઓડિશા બાલનગીર જઈ રહી હતી. ટ્રેન બાલનગીર પહોંચી તો મહિલાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. બાળક અને માતાનું આરોગ્ય સારું છે.

સિક્કીમમાં કોરોના સંક્રમણનો પ્રથમ કેસ સામે આવ્યો છે. અહીં દિલ્હીથી પરત ફરેલા ૨૫ વર્ષના વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ વિદ્યાર્થી તાજેતરમાં જ દિલ્હીથી પરત આવ્યો હતો.

### રોડ ઉત્તરાખંડના ધારચૂલા જિલ્લામાંથી પસાર થાય છે

## વિવાદાસ્પદ નકશા બાદ નેપાળની વધુ એક અવળચંડાઈ: સરહદે રસ્તો બનાવવા લાગ્યુ

કાઠમાંડૂ,તા.૨૪

નેપાળે કદાચ ભારતની સાથે તણાવને વધારવાનું મન બનાવી લીધું છે. બાર વર્ષે બાવો જાગ્યો જેવો ઘાટ નેપાળે સરહદ પર ઘડ્યો છે. પહેલાં તેમણે ભારતના વિસ્તારને પોતાનો સત્તાવાર મેપમાં દેખાડ્યો. હવે ભારતીય સરહદને અડીને એક રોડ પર ૧૨ વર્ષ બાદ કામ શરૂ કરી દીધું છે. આ રોડ ઉત્તરાખંડના ધારચૂલા જિલ્લામાંથી પસાર થાય છે. અંદાજે ૧૩૦ કિલોમીટર લાંબો ધારચૂલા-ટિનકાર રોડનો ૫૦ કિલોમીટરનો હિસ્સો ઉત્તરાખંડથી જોડાયેલો છે. સૂત્રોના મતે આ પ્રોજેક્ટની મંજૂરી ૨૦૦૮મા મળી ગઈ હતી. હેતુ ટિનકર પાસ દ્વારા નેપાળ અને ચીનની વચ્ચે વેપારને પ્રોત્સાહન આપવું. રોડનો બાકીનો હિસ્સો હવે નેપાળની સેના પૂરો કરશે.નેપાળે હવે આ રોડની યાદ કદાચ એટલા માટે આવી કારણ કે ભારતે ધારચૂલાથી લિપુલેખ પાસને જોડતા ૮૦ કિલોમીટર લાંબા રોડનું ૮મી મેના રોજ ઉદ્ઘાટન કરાયું છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે ૮મી મેના રોજ તવાઘાટ-લિપુલેખ માર્ગનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે તેનાથી કૈલાશ માનસરવોર જવા માટે પહેલાં કરતાં ઓછો સમય લાગશે.

રોડ અપ્રૂવ થયાના ૧૨ વર્ષ થઇ ગયા પરંતુ માત્ર ૪૩ કિલોમીટર રોડ જ બની શકયો હતો. આ રૂટ પર માત્ર ટેરેન જ ખૂબ ખતરનાક નથી પરંતુ હવામાનનો કોઇપણ ભરોસો નથી. સૂત્રોના મતે સતત નુકસાન થતું જોઈ કોન્ટ્રાક્ટરે પણ કામ છોડી દીધું હતું. નેપાળ સરકારનું માનવું હતું કે આ રોડ બની જવાથી માત્ર વેપાર જ વધશે નહીં પરંતુ તીર્થયાત્રીઓ અને ટુરિસ્ટની સંખ્યા પણ વધશે.

જયારે ભારતે ધારચૂલ-લિપુલેખ રોડ ખોલ્યો તો નેપાળમાં ભારે વિરોધ થયો. ત્યાંની સરકારે કહ્યું કે આ પાસ તો નેપાળની સરહદમાં આવે છે. ભારતે સ્પષ્ટતા કરી દીધી હતી કે રોડ સંપૂર્ણપણે ભારતીય વિસ્તારમાં છે. જો નેપાળને આપત્તિ વ્યક્ત કરવી જ હતી તો તેઓ રોડ બનતા સમયે વ્યકત કરતું. સૂત્રોનું કહેવું છે કે રોડ પ્રોજેક્ટ શરૂ કરવા પાછળ ઓફિશિયલ કારણ એ કહ્યું છે કે ટિનકર અને છાંગરૂના લોકો અવર-જવર કરી શકે. નેપાળ આર્મીએ બાકી બચેલા ૮૭ કિલોમીટર રોડને પૂરો કરવા માટે ઘટિયાબઘારમાં બેઝ કેમ્પ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે.

### અંદાજે ૬૦ દિવસ બાદ ઘરેલું વિમાની સેવાનો ફરીથી પ્રારંભ

## આજથી ભારતના આકાશમાં પેસેન્જર વિમાનની ઘરેરાટી સંભળાશે

*ન્યુ દિલ્હી,તા.૨૪*

કોરોના લોકડાઉનના અંદાજે ૬૦ દિવસ પછી ભારતમાં ઘરેલુ વિમાની સેવાનો આવતીકાલ ૨૫ મેથી ફરી પ્રારંભ થઇ રહ્યો છે. કોરોના મહામારીને લીધે કેન્દ્ર સરકારે ડોમેસ્ટીક એટલે કે ભારતની અંદર ચાલતી વિમાની સેવા અને આંતરરાષ્ટ્રીય સેવા સ્થગિત કરી હતી. આવતીકાલે વિમાની સેવામાં મુંબઇ એરપોર્ટ અંગે રહસ્ય છે. કેમ કે એવી ચર્ચા છે કે મહારાષ્ટ્રમાં સીએમ ઉદ્ધવ ઠાકરેની સરકાર મુંબઇ અને પૂણે શહેરો કોરોના રેડઝોનમાં હોવાથી વિમાની સેવા શરૂ કરવાના મતમાં નથી. તો વિમાની સેવા દ્વારા જે તે રાજ્યમાં પહોંચનાર પ્રવાસીઓએ કોરોન્ટાઇનનો સામનો કરવો પડશે. વિમાનના પ્રવાસીઓને પંજાબમાં ૧૪ દિવસ, કર્ણાટકમાં ૭ દિવસ અને યુપીમાં ૧૪ દિવસ કોરોન્ટાઇનમાં રહેવુ પડશે. આમ અલગ અલગ રાજ્યોએ પોતાની રીતે વિમાની પ્રવાસીઓ માટેના નિયમો બનાવ્યાં છે. જો કે મુંબઇ વિમાની સેવા અંગે હજુ અનિર્ણિત છે.

કેન્દ્ર સરકારે કોરોના વાયરસના વધતા જતા ચેપને રોકવા માટે ૨૫ મેથી લોકડાઉન ૪.૦ માં ઘરેલુ ફ્લાઇટ્સ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણય અંગે કેન્દ્ર સરકાર અને બિન-ભાજપ શાસિત રાજયો વચ્ચે વિવાદ સર્જાયો છે. મોદી સરકારે ૨૫ મેથી ઘરેલુ ફ્લાઇટ શરૂ કરવાની યોજના તો બનાવી, પરંતુ છત્તીસગઢ,, પંજાબ અને મહારાષ્ટ્રની સરકારો આ અંગે સહમત નથી.

ડોમેસ્ટિક ફ્લાઇટ્સ ૨૫ મેથી દિલ્હીના IGI એરપોર્ટ પર કાર્યરત થવા જઈ રહી છે. જેને જોતા IGI એરપોર્ટ પર તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડના અધિકારીઓએ જણાવ્યું હતું કે, કોરોના રોગચાળા હેઠળ પ્રવાસીઓની સુરક્ષા માટે એરપોર્ટ પર પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રાની થર્મલ સ્ક્રિનીંગ તેમના ફોનમાં આરોગ્યા બ્રિજ એપ અને ઘરેથી વેબ ચેકીંગ માટે ફરજિયાત રહેશે.

એરપોર્ટ્સમાં પ્રવાસીઓની થર્મલ સ્ક્રિનિંગ કરવામાં આવશે અને તેમના મોબાઈલમાં આરોગ્ય બ્રિજ એપ ફરજિયાત રહેશે. આ સિવાય મુસાફરોએ ઘરેથી વેબમાં ચેક ઈન કરાવું પડશે અને દરેક પ્રવાસીઓને એક જ સામાન લાવવો પડશે.વિસ્તારા એરલાઇન્સ દ્વારા મુસાફરી કરતા લોકોએ કાઉન્ટર છમાંથી ચેક-ઇન કરવું પડશે, જેના માટે પ્રવેશ નંબર ૧ અને ૨ પરથી પ્રવેશ કરવામાં આવશે. સ્પાઇસ જેટ દ્વારા મુસાફરી કરતા લોકોએ કાઉન્ટર મ્માંથી ચેક-ઇન કરવું પડશે, જેના માટે પ્રવેશદ્વાર ૧ અને ૨ માંથી પણ પ્રવેશ કરવામાં આવશે.એર એશિયાથી મુસાફરી કરતા લોકોએ કાઉન્ટર ઢમાંથી ચેક-ઇન કરવું પડશે, જેના માટે પ્રવેશ નંબર ૩ અને ૪ માંથી પ્રવેશ કરવામાં આવશે. એર ઇન્ડિયાએ કાઉન્ટરો ઈ અને એફથી તપાસ કરવી પડશે, જેના માટે પ્રવેશ નંબર ૩ અને ૪માંથી પણ પ્રવેશ કરાશે. ગો એરથી મુસાફરી કરતા લોકોએ કાઉન્ટરય્માંથી ચેક-ઇન કરવું પડશે, જેના માટે પ્રવેશ ગેટ નંબર ૫ અને ૬ થી કરવામાં આવશે.ઈન્ડિગોથી મુસાફરી કરતા લોકોએ કાઉન્ટર ત્નમાંથી ચેક-ઇન કરવું પડશે, જેના માટે પ્રવેશ નંબર ૫ અને ૬ માંથી ગેટ નંબરથી કરવામાં આવશે.આ ઉપરાંત તમામ વિશેષ ફ્લાઇટ્સ માટે કાઉન્ટર્સ ઝ અને ૐ દ્વારા ચેક-ઈનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના માટે પણ પ્રવેશ દ્વાર નંબર ૫ અને ૬માંથી જ કરવામાં આવશે.

કોરોના વાઇરસના લોકડાઉનની વચ્ચે જ્યાં સોમવારથી ઘરેલૂ વિમાન ઉડાન માટે તૈયાર છે, ત્યારે તેની સાથે જોડાયેલા નિયમોને લઇને રાજ્યોમાં ભ્રમની સ્થિતિ બનેલી છે. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને તમિલનાડૂએ પ્રવાસી ઉડાન ફરીથી શરુ કરવા કેન્દ્ર સરકારની યોજનાને લઇને ચિંતા વ્યક્ત કરી છે. આ રાજ્યોમાં દેશના સૌથી વ્યવસ્ત એરપોર્ટમાં શુમાર એરપોર્ટ આવે છે. મહારાષ્ટ્ર સરકારે શનિવારે તેને લઇને ચિંતા વ્યક્ત કરતા પોતાની બાજૂ સ્પષ્ટ કરી હતી.મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન અનિલ દેશમુખે ટ્વીટ કરીને કહ્યું કે, રેડ ઝોનમાં એરપોર્ટ ખોલવાની સલાહ ખૂબ જ નાસમજણ ભરી છે. માત્ર પ્રવાસીઓની થર્મલ તપાસ કરવી અને તેના નમુના નહીં લેવા અપર્યાપ્ત હશે. હાલની પરિસ્થિતિમાં ઓટો, કેબ, બસ ચલાવવી પણ અસંભવ છે. સંક્રમિતોને આવવાથી રેડ ઝોન પર દબાણ વધશે.તમિલનાડૂએ આ રીતની ચિંતા વ્યક્ત કરતા નાગર વિમાનન મંત્રાલયથી યોજનાને ૩૧ મે સુધી ટાળવાનો આગ્રહ કર્યો હતો. કોરોના સંક્રમણના કેસ માટે તમિલનાડૂ બીજો સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે.આ ઉપરાંત પશ્ચિમ બંગાળ સરકારે ચક્રવાત અમ્ફાનથી વધુ તબાહીનો હવાલો આપતા કહ્યું કે, કોલકાતાની ઉડાનો પર ઓછામાં ઓછી ૩૦મે સુધી રોક લગાવવાનો આગ્રહ કર્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બનેર્જીએ કહ્યું કે, તે ૩૦ મે સુધી ઉડાનોને બાગડોમરા એરપોર્ટ પર મોકલવા માટે કેન્દ્રને પત્ર લખશે.

## સેનાને મોટી સફળતા: બગડગામમાંથી લશ્કરના ચાર આતંકીઓને ઝડપ્યા



શ્રીનગર,તા.૨૪

જમ્મુ અને કાશ્મીરમાં ભારતીય સૈનિકો સતત આતંકીઓનો ખાતમો કરી રહ્યાં છે. કાશ્મીર ખીણમાંથી આતંકવાદનો સફાયો કરવા માટે બહાદુરીથી સુરક્ષાદળો અભિયાન ચલાવી રહ્યાં છે. આ બધા વચ્ચે સુરક્ષાદળોએ લશ્કર એ તૈયબાના ખૂંખાર આતંકવાદી સહિત ચાર આતંકવાદીની ધરપકડ કરી છે. સૌથી મોટી વાત એ છે કે પકડાયેલા આતંકીઓમાં લશ્કરનો મુખ્ય સહયોગી વસીમ ગની પણ સામેલ છે. સુરક્ષાદળોને આ સફળતા બડગામમાં મળી છે. ઈન્ડિયન આર્મીની ૫૩-આર આર અને બડગામ પોલીસે જોઈન્ટ ઓપરેશનમાં લશ્કરના એક મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે.

મળતી માહિતી મુજબ રવિવારે બડગામ જિલ્લાના બીરવા વિસ્તારમાં સ્થાનિક પોલીસ અને ભારતીય સેનાના જોઈન્ટ ઓપેરશનમાં આ કાર્યવાહીને અંજામ અપાયો. સુરક્ષાદળોએ વિસ્તારને ઘેરીને સર્ચ અભિયાન ચલાવ્યું અને ચાર આતંકીઓને જીવતા દબોચ્યા. જેમાંથી એક લશ્કરનો ટોપ મોસ્ટ આતંકી વસીમ ગની પણ સામેલ છે.

પકડાયેલા અન્ય ૩ લોકો વિસ્તારમાં આતંકવાદીઓને આશરો ઉપલબ્ધ કરાવતા હતાં. આ સાથે જ વિસ્તારમાં દહેશત ફેલાવવામાં મદદ કરતા હતાં. અત્રે જણાવવાનું કે છેલ્લા કેટલાક દિવસોથી ઘાટીમાં પાકિસ્તાની આતંકીઓ કોઈ મોટી વારદાતને અંજામ આપવાનુ ષડયંત્ર રચી રહ્યાં હતાં.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા : ૩૯૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો :૧૪૦૬૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ:૨૯**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૨૪૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૬૪૧૨**

## વિમાન સેવા ફરી શરૂ કરવાનો મહારાષ્ટ્ર, છત્તીસગઢનો ઈનકાર

મુંબઇ/રાયપુર,તા.૨૪

બે મહિનાના લોકડાઉન બાદ ભારતમાં સ્થાનિક વિમાન સેવા શરૂ થવાની તૈયારીમાં છે. ૨૫ મે, સોમવારથી આની શરૂઆત થવાની છે. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પહેલી ફ્લાઈટ ૨૫ મેની સવારે ૪.૩૦ વાગ્યે રવાના થશે.

પહેલા ચરણમાં ૨,૮૦૦ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ શરૂ કરવાનો કેન્દ્ર સરકારનો પ્લાન છે. પરંતુ, મહારાષ્ટ્ર રાજયએ વિમાન સેવા શરૂ કરવાનો ઈનકાર કરી દીધો છે. આને કારણે આ રાજયમાંથી વિમાન સફર શરૂ કરવાની ઈચ્છા રાખતા લોકોને આંચકો લાગ્યો છે.મહારાષ્ટ્ર સરકારે સ્થાનિક ફ્લાઈટ્સ શરૂ કરવા પર મૂકેલો પ્રતિબંધ ચાલુ રાખ્યો છે. આવો જ ઈનકાર છત્તીસગઢ સરકારે પણ કર્યો છે. છત્તીસગઢમાં કોંગ્રેસની સરકાર છે જયારે મહારાષ્ટ્રમાં શિવસેના, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસની સંયુક્ત સરકાર છે.

મહારાષ્ટ્ર સરકારના એક સિનિયર અધિકારીએ કહ્યું છે કે લોકડાઉન વિશે ૧૯ મેના ઓર્ડરને મહારાષ્ટ્ર સરકારે હજી સુધાર્યો નથી. તે ઓર્ડરમાં માત્ર ચોક્કસ પ્રકારની ફ્લાઈટ્સ ચાલુ કરવાની જ પરવાનગી અપાઈ છે. ઘરેલુ ફ્લાઈટ્સ માટેની નહીં.

તે ઓર્ડરમાં રાજ્ય સરકારે કોરોના વાઈરસનો ફેલાવો રોકવા માટેનું લોકડાઉન ૩૧ મે સુધી લંબાવવાની જાહેરાત કરી છે. માત્ર ડોમેસ્ટિક મેડિકલ સેવાઓ, ડોમેસ્ટિક એર એમ્બ્યુલન્સ અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મંજૂર કરેલા સુરક્ષા હેતુઓ માટે જ વિમાન સેવા મહારાષ્ટ્રમાં ચાલુ કરવા દેવામાં આવી છે. આ સિવાય તમામ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના સંક્રમણની બીજી લહેર આવશે

લૉકડાઉન ૪.૦ શરૂ થઈ ચૂક્યું છે અને ગુજરાત સરકારે નવેસરથી મળનારી છૂટછાટની જાહેરાત પણ કરી દીધી છે.મુખ્ય મંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં સિટી બસ અને આંતરજિલ્લા એસટી બસ ચલાવવાથી લઈને પાનના ગલ્લા, બજાર અને કૉમ્પલેક્સમાં દુકાનો, હૅર-સલૂનો અને ચાની કીટલી ખોલવાની જાહેરાત કરી દીધી છે.જોકે, આરોગ્યનિષ્ણાતોનું માનવું છે કે લૉકડાઉનનો હેતુ કોરોના સંક્રમણને ફેલાવાથી રોકવાનો છે ત્યારે છૂટછાટ આપવાથી કોરોનાના સંક્રમણ સામેની લડત નબળી પડી શકે છે.આ વીડિયોમાં અમે આ જ મુદ્દા પર વધુ પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરશું કે શું ગુજરાતમાં લૉકડાઉનમાં રાહતો આપવાના સરકારના નિર્ણયથી ગુજરાતમાં કોરોનાના પરિસ્થિતિ બેકાબૂ બની જશે?કેન્દ્ર સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે લૉકડાઉન ૪.૦માં કેન્દ્રીય નિર્દેશોમાં કોઈ ઢીલ રાજ્ય સરકારો નહીં આપી શકે, જો રાજ્ય સરકારો ઈચ્છે તો લૉકડાઉનમાં વધારે કડકાઈ કરી શકે છે.

અમેરિકામાં કોરોનાના કારણે પરિસ્થિતિ દિવસે ને દિવસે વણસતી જઈ રહી છે, ત્યાં ઘણા નિષ્ણાતો અમેરિકામાં ફરીથી કોરોનાની મોટી સુનામી એટલે કે બીજી લહેર આવશે તેવી શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.કોરોનાના કારણે અમેરિકામાં પહેલાંથી આર્થિક મુસીબતો સર્જાઈ છે, ત્યારે જો નિષ્ણાતોની આગાહી સાચી પડશે તો વિકસિત દેશ અમેરિકા મોટી મુશ્કેલીમાં ફસાઈ જશે તેમાં કોઈ બેમત નથી.બાયૉલૉજિસ્ટ ડૉક્ટર જેનિફર રૉનનું કહેવું છે કે કોરોના વાઈરસના સંક્રમણની બીજી લહેરને લઈને પ્રશ્ન એ નથી કે તે આવશે કે નહીં, પરંતુ પ્રશ્ન એ છે કે બીજી લહેર ક્યારે આવશે અને કેટલી ભયાવહ હશે.ડૉક્ટર રૉન એ વાત પર નજર રાખી રહ્યાં છે કે આ મહામારી એશિયામાં કેવી રીતે પેદા થઈ અને પછી આખા વિશ્વમાં કેવી રીતે ફેલાઈ.વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યું છે કે કોરોના વાઈરસ કદાચ આપણી વચ્ચે જ રહેશે અને તેના પર નિયંત્રણ કરવા માટે ઘણા પ્રયત્નો કરવા પડશે.ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને લૉકડાઉન મૅનેજમૅન્ટ જેવી અસરકારક રણનીતિથી જ કોરોના વાઈરસને નાથવા વાળા એશિયાના દેશ જેમ કે દક્ષિણ કોરિયા, જાપાન અને યુરોપમાં જર્મની જેવા દેશોમાં પણ પાબંદી હઠાવ્યા પછી સંક્રમણના નવા કેસ સામે આવ્યા છે.ગાર્ડિયન અખબારના એક રિપોર્ટ પ્રમાણે, ટીમના ડાયરેક્ટર એન્ડ્રિયા ઍમૉન કહે છે કે હવે સવાલ એ છે કે બીજી લહેર ક્યારે આવશે અને તે કેટલી મોટી હશે.સમગ્ર વિશ્વમાં સરકારો વાઈરસના બીજા સંભાવિત રાઉન્ડથી ટક્કર લેવા માટે તૈયારી કરવામાં પડી છે. બધાની નજર પૂર્વ એશિયા પર છે.આપણે એ દેશો પાસે શું શીખી શકીએ જ્યાં કોરોના વાઈરસનો પ્રકોપ સૌથી વધારે જોવા મળ્યો હતો અને જે કોરોના વાઈરસના ગ્રાફને જોતાં બીજા કરતા આગળ છે?

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ડાયરેક્ટર જનરલ ટેડ્રૉસે કહ્યું કે આરોગ્ય નિષ્ણાતો મુજબ બાકી દુનિયાએ પૂર્વી એશિયા પાસેથી જે પાઠ શીખવાની જરૂર છે એ છે દરેક કેસ શોધવો, આઈસોલેટ કરવો, ટેસ્ટ કરવો અને કૅર કરવી. દરેક સંપર્કને ટ્રેસ કરવો અને ક્વોરૅન્ટીન કરવું પણ જરૂરી છે.ડૉક્ટર રૉન યુનિવર્સિટી કૉલેજ ઑફ લંડનમાં એક વાઈરસ અને સેલઍક્સ્પર્ટ છે.તેઓ પણ આ વાત માને છે, એશિયાના આંકડા જોઈને સમજી શકાય કે આક્રામક રીતે ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને પછી ક્વોરૅન્ટીન કરવું એજ બીજી લહેરને કંટ્રોલ કરવાનો એકમાત્ર રસ્તો છે.દાખલા તરીકે દક્ષિણ કોરિયા ક્યારેક કોવિડ-૧૯નું હૉટસ્પૉટ હતું પરંતુ શરૂઆતમાં જ સરકારે મોટા પાયે ટેસ્ટિંગનો સહારો લીધો હતો, સાથે કેસોને ટ્રેસ કરવા માટે ઍપ્સ અને જી.પી.એસ. ટેકનૉલૉજીનો વપરાશ કર્યો હતો.ડૉક્ટર રૉન કહે છે, આ રણનીતિથી તેમને લોકલ ઍલર્ટ સિસ્ટેમ લગાવવામાં મદદ મળી.એવામાં ભલે સામાન્ય પરિસ્થિતિ કંટ્રોલમાં હોય પરંતુ કોઈ એક ખાસ જગ્યાને લૉકડાઉન કરવા પર ફોકસ વધી રહ્યું છે.નિષ્ણાતો કહે છે કે ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોનાં આંકડા ભેગા કરીને અને તેમનું વિશ્લેષણ કરવાની જરૂર છે, જેનાથી સમજી શકાય કે આ વાઈરસ કેવી રીતે વર્તે છે.લંડન સ્કૂલ ઑફ ઈકોનૉમિક્સના આરોગ્ય નીતિ વિભાગની આરોગ્ય અર્થવ્યવસ્થાના ચૅર પ્રોફેસર એલિસ્ટૅયર મૅકગુઈર કહે છેઃઅમને રિકવરી રેટ વિશે થોડી માહિતી મળી છે, પરંતુ હજી કૉન્ટેક્ટ રેટ વિશે જાણવાનું બાકી છે.આ એક નવો વાઈરસ છે જે એશિયામાં સાર્સ અને આફ્રિકામાં ઈબોલા જેવા હાલમાં ત્રાટકેલા વાઈરસ કરતા અલગ રીતે વર્તે છે. એવામાં તેના વિશે હજી ઘણું જાણવાનું બાકી છે.ત્રીજો પાઠ એ છે કે પાબંદીમાં ઢીલ આપ્યા પછી વાઈરસ કેવી રીતે વર્તે છે. એશિયાના કેટલાક દેશોના અનુભવના આધારે પ્રોફેસર મૅકગુઈર કહે છે, બહુ આશાવાદી થવા જેવું નથી.એક સફળ લૉકડાઉનનો અર્થ એ નથી કે કોઈ વિસ્તાર વાઈરસથી પૂર્ણ રીતે મુક્ત થઈ ગયો છે. જાપાનના હોક્કાઈડો અમુક એવા વિસ્તારોમાં સામેલ હતો, જ્યાં ફેબ્રુઆરીના અન્તમાં સૌથી કડક રીતે લૉકડાઉનનું પાલન કરવામાં આવ્યું હતું.માર્ચ મહિનાના મધ્ય સુધી નવા કેસ આવવાના ઓછા થયા હતા અને આ સંખ્યા દરરોજના એક કે બે કેસ સુધી સીમિત થઈ હતી. ત્યાર બાદ આપાતસ્થિતિ હઠાવીને એપ્રિલમાં સ્કૂલ પણ ખોલવામાં આવ્યા હતા.પરંતુ સંક્રમણની બીજી લહેર ફરી આવતા એક મહિનાથી પણ ઓછા સમયમાં આપાતકાલીન ઉપાય ફરી લાગુ કરવા પડ્યા હતા.ડૉક્ટર રૉનનું કહેવું છે કે આ કોઈ આશ્ચર્યની વાત નથી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૫/૦૫/૨૦૨૦, રવિવાર, જેઠ સુદ-૩
સૂર્યોદય-૬-૦૫, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૭-૫૩,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ મૃગશીર્ષ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૦૫ થી અમૃત-૭-૪૫ સુધી,૯-૨૪ થી શુભ-૧૧-૦૪ સુધી,૧૪-૩૭ થી ૧૪-૫૭ સુધી,૧૬-૦૩ થી ૧૭-૧૦ સુધી

- શુભ હોરા-
૬-૦૫ થી ૭-૧૧ સુધી, ૮-૧૮થી ૯-૨૪ સુધી, ૧૧-૩૭થી ૧૪-૫૭ સુધી, ૧૬-૦૩ થી ૧૭-૧૦ સુધી

# ભાવનગરમાં આજથી વધુ ૬ સ્ટેશન પર ટિકિટ બુકિંગ કાઉન્ટરની કામગીરી કરાઈ શરૂ

ભાવનગર,તા.૨૪

ભાવનગર રેલવે દ્વારા ૨૫મીથી બીજા ૬ રેલવે સ્ટેશનમાં રિઝર્વેશન કાઉન્ટર ખોલી મુસાફરોને ટિકિટ બુકીંગ અને કેન્સલ કરાયેલી ટ્રેનની ટિકિટના રિફંડની કામગીરી હાથ ધરવામાં આવશે. દેશમાં કોરોના વાયરસની મહામારીને કારણે રેલવે દ્વારા ૨૨મી માર્ચથી મેલ/એક્સપ્રેસ ટ્રેનોને કેન્સલ કરવામાં આવી છે. જ્યારે ૧લી જૂનથી ૨૦૦ વિશેષ ટ્રેન ચલાવવાનું જાહેર કરી તબક્કાવાર ટ્રેન સેવાઓ પૂર્વવત કરવા રેલવે બોર્ડે આયોજન કર્યું છે. ત્યારે અગાઉ રેલવેએ ૨૨મી માર્ચથી ૩૦ જૂન સુધીની જે ટ્રેનો કેન્સલ કરી છે, તેમાં મુસાફરોએ કરેલી ટિકિટ રિઝર્વેશનનું પૂર્ણ રિફંડ આપવા માટેની શરૂઆત કરાઈ છે.

તદ્ઉપરાંત ૧લી જૂનથી દોડનારી ૨૦૦ ટ્રેનોમાં ટિકિટ રિઝર્વેશન માટે ભાવનગર રેલવેના ભાવનગર રેલવે ટર્મિનલ, પોરબંદર, જૂનાગઢ અને વેરાવળ રેલવે સ્ટેશન પર ગઈકાલ શુક્રવારથી રિઝર્વેશન કાઉન્ટર શરૂ કરાયા છે. આ ચારેય સ્ટેશનો પર ટિકિટ રિઝર્વેશનની સાથે ૨૫મી મેથી રિફંડ પણ આપવાનું શરૂ કરાશે.આ ચાર રેલવે સ્ટેશન ઉપરાંત ભાવનગર રેલવે દ્વારા ૨૫મીને સોમવારથી મંડળના બોટાદ, મહુવા, અમરેલી, ગોંડલ, નવાગઢ અને કેશોદ સ્ટેશન પર રિઝર્વેશન કાઉન્ટર શરૂ કરવાની જાહેરાત કરી આ તમામ રેલવે સ્ટેશનો પરથી મુસાફરો સોમથી શનિ સવારે ૮ થી બપોરે ૩ વાગ્યા અને રવિવારે સવારે ૮ થી બપોરના ૨ વાગ્યા સુધી ટિકિટ બુકીંગ-કેન્સલ તેમજ રિફંડ મેળવી શકશે તેમ ભાવનગર રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું.

# કોરોના સંકટઃ સૌથી વધુ રિક્વરી રેટ ધરાવનાર રાજ્યોમાં ગુજરાત ૧૩માં નંબરે




ગાંધીનગર,તા.૨૪

ગુજરાત રાજ્યમાં કોરોનાનો પ્રકોપ વધતો વધતો જાય છે, ત્યારે રાજ્યમાં કુલ ચેપગ્રસ્તોની સંખ્યા ૧૩ હજારને પાર પહોંચી છે. જ્યારે ગુજરાતમાં કોરોનાના દર્દીઓને હરાવનારની સંખ્યામાં સતત સુધારો થઈ રહ્યો હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાત આ મામલે અન્ય રાજ્યોની સરખામણીમાં ૧૩માં સ્થાને છે. ગુજરાતમાં ૨૨ મેની સ્થિતિએ કુલ ૧૩૨૭૩ કેસમાંથી ૫૮૮૦ દર્દીઓ સાજા થયા છે. આમ, ગુજરાતમાં હાલ કોરોનાનો રીક્વરી રેટ ૪૨.૫૧ % થઈ ગયો છે.ગુજરાતમાં અગાઉની સરખામણીએ રીક્વરી રેટમાં ચોક્કસ સુધારો થયો છે. પરંતુ તેનાથી હજુ ખાસ હરખાવવા જેવું પણ નથી. કારણકે દેશના જે રાજ્યોમાં કોરોનાનો રીક્વરી રેટ સૌથી વધુ હોય તેમાં ગુજરાત હજુ ટોચના ૧૨ રાજ્યોમાં પણ નથી. ૨૨ મેની સ્થિતિ પ્રમાણે પંજાબમાં સૌથી વધુ ૮૯.૬૯ ટકા રીક્વરી રેટ છે. મતલબ કે, પંજાબમાં નોંધાયેલા કુલ કેસમાંથી ૧૮૪૭ વ્યક્તિ સાજી થઈ ગઈ છે. પંજાબમાં અત્યારસુધી કોરોનાથી ૩૯ વ્યક્તિના મૃત્યુ થયા છે.કોરોનાનો સૌથી વધુ રીક્વરી રેટ ધરાવતા રાજ્યોમાં કેરળ ૭૩.૯૧ ટકા સાથે બીજા સ્થાને છે. કેરળમાં નોંધાયેલા ૭૩૩ કેસમાંથી ૫૧૨ વ્યક્તિ સાજી થઈ ગઇ થઈ ગઈ છે અને ત્યાં અત્યારસુધી કુલ પાંચ વ્યક્તિના મૃત્યુ થયા છે. હરિયાણા આ યાદીમાં ૬૬.૦૫ ટકા સાથે ત્રીજા સ્થાને છે. ત્યાં અત્યારસુધી ૧૦૬૭ કેસમાંથી ૭૦૬ વ્યક્તિ સાજી થઈ ગઈ છે. કોરોનામાં સૌથી વધુ રીકવ્રી રેટ ધરાવતા રાજ્યોમાં ગુજરાત હાલમાં ૧૩માં સ્થાને છે. કોરોનાના સૌથી વધુ કેસમાં જ નહીં રીક્વરી રેટમાં પણ તામિલનાડુ ગુજરાત કરતા આગળ છે.તામિલાડુમાં નોંધાયેલા કુલ ૧૪૭૫૩ કેસમાંથી ૭૧૨૮ વ્યક્તિ સાજી થઈ ગઈ છે. આમ, તેનો રીક્વરી રેટ ૪૪.૯૮ ટકા છે. સમગ્ર દેશના સંદર્ભમાં કહેવામાં આવે તો કુલ ૧.૨૫ લાખ કેસમાંથી ૫૧૮૩૬ વ્યક્તિ સાજી થઈ ગઈ છે. અને રીક્વરી રેટ ૪૧.૪૩ ટકા છે.

# સુરત ૨૨ બાળકોને ભરખી જનાર તક્ષશિલાકાંડની પ્રથમ વરસી, વાલીયો ન્યાયથી આજે પણ વંચિત



સુરત,તા.૨૪

સુરત શહેરના તક્ષશીલાના ભીષણ અગ્નિકાંડને ગઈકાલે એટલે કે શુક્રવારે એક વર્ષ પૂર્ણ થયું છે. એક વર્ષ અગાઉ શુક્રવારનો દિવસ સુરત શહેર માટે બ્લેક ફ્રાઈડે બની ગયો હતો. તક્ષશીલાના ભીષણ અગ્નિકાંડમાં ૨૨ વિદ્યાર્થીઓ જીવતા ભૂંજાઈ ગયા હતા. જ્યારે ૧૮ને નાની-મોટા ઈજા થઈ હતી. સમય હતો બપોર નો અને સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા તક્ષશીલા આરકેડમાં આગ લાગી હતી. આગ શોર્ટ સર્કિટથી લાગી હતી અને વિદ્યાર્થીઓ ત્યારે ઉપર અભ્યાસ કરી રહ્યા હતા. તમામ એકથી ચડે એવા ચિત્રકાર હતા. પરંતુ એમને ક્યાં ખબર હતી કે નીચે લાગેલી આગ વિકરાળ બની એમને માત્ર ચિત્રોમાં મૂકી જશે અને બસ થોડી મિનિટમાં તો તક્ષશીલા આરકેડમાં અગ્નિ તાંડવ શરૂ થયો હતો.

મોતના આ તાંડવના દ્રશ્ય જોઈ બધા સ્તબ્ધ થઈ ગયા હતા.મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ તમામ કામગીરી પડતી મૂકી સુરત દોડી આવ્યા હતા. જે તકશીલા આરકેડમાં લાગેલી આગને એક વર્ષ થયું છે. ત્યારે બરાબર એની સામે આવેલા બ્રિજ પર 'સંદેશ ન્યૂઝ'ની ટીમ ગઈ હતી અને એક વર્ષ પહેલાંનો માહોલ યાદ કર્યો હતો. સરકારે આખે આખી ઘટના મામલે આદેશો જારી કર્યા હતા અને મોટા ઉપાડે થયેલી તપાસમાં ગળિયાના માપનાં ગાળા શોધી કાર્યવાહી પૂરી કરી દેવાઈ છે. પરંતુ આજે પણ વાલીઓ કોર્ટ-કચેરીમાં ચક્કર ખાઈ રહ્યા છે. કોર્ટમાં આરોપીઓ વિરુદ્ધ પ્રપોઝ ચાર્જ રજૂ થયો છે. જેની પર બચાવ પક્ષ અને સરકાર પક્ષના વકીલોની આમને-સામને દલીલો પણ પૂર્ણ થઈ ચૂકી છે. તક્ષશીલા આરકેડ કેસ કોર્ટના દરવાજે પોહચ્યો બાદ કાર્યવાહી શરૂ થાય તે પેહલા અનેક વળાંકો નોંધાયા હતા.

જવાબદાર આરોપીઓને લાજપોર જેલમાં સળીયા પાછળ ધકેલી દેવાયા હતા એટલે જામીન પર મુક્ત થવા માટે તમામ આરોપીઓ તરફથી કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. અરજીનો વિરોધ કરવા સરકાર પક્ષે દુર્ઘટનાગ્રસ્ત તક્ષશીલા આરકેડનું જાત નિરીક્ષણ કરી પૂરતી તૈયારી કરી હતી. ત્યાં બીજા દિવસે સરકાર પક્ષે જિલ્લા મુખ્ય સરકારી વકીલ તેમનો પક્ષ પૂરો કરે તે પેહલા જ તેમને કેસમાંથી રુકસત આપી દેવાઈ હતી અને ભરૂચના ડિજીપીને તપાસ સોંપતા સુરત જ્યૂડિશરીમાં ચકચાર મચી ગઈ હતી.

# ગાંધીનગર જીલ્લામાં માસ્ક વગર ફરતા લોકો પાસેથી વસુલાયો ૧.૨૨ લાખનો દંડ

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક ન પહેરનાર ૨૮૨ વ્યક્તિ પાસેથી આજદિન સુધીમાં કુલ- ૧ લાખ ૨૨ હજારથી વધુ રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, તેવું જિલ્લા વિકાસ અધિકારી આર.આર.રાવલે જણાવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) આર.આર.રાવલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા ખાસ તકેદારી રાખવામાં આવી છે. જે અંતર્ગત વેપારી અને ફેરિયાઓનું હેલ્થ સ્કિનીંગ કરવામાં આવ્યું છે. તો માસ્ક પહેરવું ફરજિયાત બનાવવામાં આવ્યું હોવા છતાં જિલ્લાના અમુક ગામમાં માસ્ક પહેર્યા વગર ફરતા વ્યક્તિઓ સામે તંત્ર દ્વારા દંડ વસૂલ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે.

તેમણે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના ૩૦૩ ગામોમાં આજ તા. ૨૩મી મે સુધીમાં ૨૮૨ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૧,૨૨,૮૦૦ દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૭૪ ગામમાં ૧૩૫ વ્યક્તિ પાસેથી રૂ. ૫૦,૪૦૦નો દંડ વસૂલ કરાયો છે. તેમજ કલોલ તાલુકાના ૬૯ ગામમાંથી ૩૬ વ્યકતિ પાસેથી રૂ. ૧૮,૦૦૦નો દંડ વસૂલ કરાયો છે. માણસા તાલુકાના ૬૭ ગામમાંથી ૪૫ વ્યક્તિ પાસેથી રૂ. ૨૨,૫૦૦ દંડની રકમ વસૂલ કરવામાં આવી છે. દહેગામ તાલુકામાં ૯૩ ગામોમાંથી ૬૬ વ્યક્તિ પાસેથી રૂ. ૩૧,૯૦૦નો દંડ વસૂલ કરાયો છે. ગાંધીનગર જિલ્લામાં વિવિધ ગામોમાં માસ્ક પહેરવા જાગૃતિ આપવામાં આવી હોવા છતાં કેટલાક લોકો માસ્ક વગર ફરતા હોઇ ન છુટકે દંડ વસૂલ કરવાની કાર્યવાહી થાય છે.પાલજ ગામમાં માસ્ક વગર ફરતા પાંચ વ્યક્તિ પાસેથી રૂ. ૨૦૦ લેખે એક હજારનો દંડ વસૂલ કરાયો હતો. ડીડીઓ રાવલે શનિવારે ગાંધીનગર તાલુકાના વડોદરા, રાયપુર, મેદાર અને પાલજ ગામમાં તકેદારીના પગલાંની સમીક્ષાકરી સૂચનો આપ્યા હતા. સેક્ટર-૭ પોલીસે રાત્રે સાડા આઠ વાગ્યાના સુમારે સે-૬ બી પાસેથી સુરેશભાઈ રણછોડભાઈ પટેલ અને નવ વાગ્યાના સુમારે સે-૫ સીએનજી પેટ્રોલ પંપ પાસેથી અક્ષર નીતિનચંદ્ર ઠક્કર (સે-૫ બી) અને મનીષ સુરેશભાઈ શાહ (સે-૫ બી) સામે ગુનો નોંધ્યો હતો.

# ગાંધીધામમાં બીડી બાબતે બે જૂથ આમને-સામને આવતા એક યુવકની હત્યા



કચ્છ,તા.૨૪

ગાંધીધામ સુંદરપુરી વિસ્તારમાં રાત્રિના સમયે બીડી બાબતે થયેલી સામાન્ય બોલાચાલી બાદ પંદરથી સોળ શખ્સોના ટોળાએ ઘર પર પથ્થરથી હુમલો કરી પિતા-પુત્ર સહિત ત્રણને માર માર્યો હતો અને છરીના ઘા મારી યુવાનની હત્યા નીપજાવી હતી. ઘટનાની જાણ થતાની સાથે પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો ટોળાએ પોલીસ ઉપર પથ્થરમારો અને લાકડીથી હૂમલો કર્યો હતો. મામલો વધુ વણસે નહીં તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. મોડી રાતે જિલ્લા પોલીસ વડાએ પણ સ્થળની મુલાકાત લીધી હતી પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

ગાંધીધામ એ ડિવિઝન પોલીસમાંથી મળતી વિગતો મુજબ શહેરના આર્ય સમાજ પાસે આવેલ સુંદરપુરી વિસ્તારમાં રાત્રિના સમયે કમલેશભાઈ રાઠોડ અને તેના ભાઈ રાજુભાઈ રાઠોડને બીડી બાબતે આરોપી રમેશ ધેડા, નિખિલ વિગોડા સહિતનાઓ સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી. આરોપીઓએ બીડી માંગીને ખિસ્સા ચેક કરવાનું કહેતાં ભોગ બનનાર રાજુભાઈ રાઠોડ અને તેના ભાઈએ કમલેશ ભાઈ રાઠોડએ ખિસ્સા ચેક કરવાનો તમારો અધિકાર નથી તેમ કહી ના પાડતા તે સમયે બોલાચાલી થઈ હતી.ત્યારબાદ બધા પોતપોતાના ઘરે ચાલ્યા ગયા હતા દરમિયાન આરોપી જીગર રાયસી માતંગ, નરેશ પાલા, વિશાલ માલશિ વિગોરા, મુકેશ રાણા માજીરાણા, રમેશ નારણ ધેડા, નિખિલ વિગોડા, અને તેની સાથેના અન્ય સાતથી આઠ શખ્સોએ કમલેશભાઈ રાઠોડના ઘરે આવી પહેલાં પથ્થરમારો શરૂ કર્યો હતો. ત્યારબાદ કમલેશભાઈ અને તેના ભાઈ રાજુભાઈ રાઠોડ ઘરની બહાર આવતા આ ટોળાએ લાકડી અને લોખંડના પાઈપથી હુમલો કર્યો હતો દરમિયાન કમલેશભાઈ રાઠોડના ભાઈ રાજુભાઈ મહેશ ભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૨૮ને પેટના ભાગે છરીના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને સારવાર મળે તે પહેલા જ તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ મારામારીમાં કમલેશભાઈ રાઠોડ અને તેના પિતા મહેશ ભાઈ રાઠોડને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# સરકારી તંત્રએ કામગીરી વધારવાને બદલે ઘટાડી, તો હવે કાગળ પર જ રહેશે કોરોના કંટ્રોલમાં

ભાવનગર,તા.૨૪

કોરોના તો ચાલ્યા કરશે એમ માનીને તેની સાથે જીવતા લોકો શિખ્યા કે નહીં પણ તંત્ર શિખી ગયું છે કે શિખવાનું શરૂ કરી દીધું છે. સૌરાષ્ટ્રમાં માર્ચ-એપ્રિલ કરતા હવે જ્યારે મહત્તમ લોકો ચેપ લઈને સૌરાષ્ટ્રમાં આવી રહ્યા છે ત્યારે ટેસ્ટ વધારવાને બદલે ઉલ્ટા ઘટાડી નાંખ્યા છે જેના પગલે હવે આ મહામારી વાસ્તવમાં ભલે ફેલાતી હોય પરંતુ, સરકારી આંકડાઓમાં, કાગળ પર તો તે નિયંત્રણમાં રહેશે તેવા નિર્દેશો મળ્યા છે. રાજકોટમાં અગાઉ ૧૦૦થી વધુ ટેસ્ટીંગને બદલે હવે પચાસેક માંડ થાય છે. તે જોતા લોકોએ હવે કોરોના મુદ્દે આત્મનિર્ભર બનવાનું રહેશે. અર્થાત્, કોરોનાથી પોતાની, પોતાના પરિવારની સુરક્ષા કરવાની જવાબદારી લોકોએ જાતે સમજીને બજાવવાની રહેશે અને આમેય કોરોનાથી ગભરાવા કરતા માત્ર થોડી પણ કાયમી સતર્કતાની જ જરૂર છે. ગુજરાતમાં કોરોનાની એન્ટ્રી બાદ આશરે દોઢ માસ સુધી સૌરાષ્ટ્રમાં પાંચ જિલ્લા તો કોરોનામુક્ત રહ્યા હતા, ગામડામાં તો એક પણ કેસ ન્હોતો.

એ વખતે દુકાનો ખોલવાની, ખુલ્લી અવરજવરની, ખાસ કરીને એકથી બીજા જિલ્લામાં જવાની ખુલ્લી છૂટ અપાઈ ન્હોતી. હવે કેસો વધ્યા છે, કોઈ જિલ્લો કોરોનામુક્ત નથી ત્યારે આ બધી છૂટછાટો અપાઈ છે. રાજકોટ સહિત જિલ્લામાં બહારગામથી, ખાસ કરીને અમદાવાદ સહિતના જિલ્લામાંથી જે પણ કોઈ, જેટલા પણ હોય તે તમામને ૧૪ દિવસ હોમ ક્વોરન્ટાઈન કરાતા હતા પરંતુ, આ કામગીરી હવે આરોગ્ય શાખાએ બંધ કરી દીધી છે. મતલબ, કોઈ શેરી,ગલીમાં બહારગામથી આવ્યા હોય તેની પણ જાણ નહીં થાય ત્યારે તેને કોરોનાના ચેપ છે કે નહીં તેની જાણ થવાનો સવાલ જ નથી આવતો. રાજકોટ શહેરમાં ૨૦ લાખની વસ્તી સામે માત્ર ૩૧૫૦ સેમ્પલ માંડ લેવાયા છે.

# ભાવનગરમાં વધુ ૩ દર્દીએ કોરોનાને હરાવી ઘરે પરત ફર્યા

ભાવનગર,તા.૨૪

ભાવનગર જિલ્લામાં કોરોનાના વધુ ૩ દર્દીઓ સાજા થતા આજે શનિવારે તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, જયારે કેટલાક વ્યકિતઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા હતાં. છેલ્લા ચાર દિવસથી એકપણ કોરોનાનો કેસ નહી નોંધાતા રાહત મળી છે. જિલ્લામાં આજે શનિવારે કોરોનાના ત્રણ દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, જેમાં ગત તા.૬ મે ના રોજ પાલીતાણા ખાતે રહેતા ૬૫ વર્ષીય ચંદુભાઈ નરોત્તમભાઈ સોરઠિયા, તા.૧૨ મે ના રોજ ભાવનગરના કણબીવાડ ખાતે રહેતા ૨૭ વર્ષીય સમાબેન મહોમદરઝા નાયાણી અને તા.૧૩ મે ના રોજ જેસરના ઉગલવાણ ગામ ખાતે રહેતા ૨૩ વર્ષીય લાલજીભાઈ ઘનશ્યામભાઈ નકુમનો રીપોર્ટ પોઝીટીવ આવતા તેમને વધુ સારવાર માટે ભાવનગર શહેરની સર તક્ષ્તસિંહજી જનરલ હોસ્પિટલ ખાતે આઈસોલેશન વોર્ડમા દાખલ કરવામા આવ્યા હતાં.

ત્યારબાદ ભારત સરકારની નવી માર્ગદશકા પ્રમાણે આ દર્દીનુ આરોગ્ય તપાસતા અને તેઓ માર્ગદશકાના માપદંડો પ્રમાણે સ્વસ્થ જણાતા આ દર્દીને આજરોજ હોમ આઈસોલેશનમા રહેવા માટે હોસ્પિટમાથી રજા આપવામા આવી હતી. આજે ૧૦૭વ્યકિતના કોરોનાના રીપોર્ટ નેગેટીવ આવ્યા હતાં. ૧૨૦ વ્યકિત સમરસ હોસ્ટેલમાં ક્વોરન્ટીન છે અને ૫૬,૯૪૦ લોકો હોમ ક્વોરન્ટીન છે. જ્યારે ૨૨,૩૭૨ વ્યકિતને ૧૪ દિવસના હોમ ક્વોરન્ટીન પૂર્ણ થતા તેઓને મુક્ત કરવામાં આવ્યા છે. ઉલ્લેખનિય છે કે, હોસ્પિટલમાથી રજા મેળવનાર દર્દીને છેલ્લા ૩ દિવસથી તાવ આવ્યો નથી તેમજ તેઓ એસિમ્ટોમેટીક હતા અને છેલ્લા ૧૦ કરતા વધુ દિવસથી હોસ્પિટલમા દાખલ હતા. સરકાર દ્વારા આ દર્દીને વિનામુલ્યે એક ન્ન-૯૫ માસ્ક, બે ત્રિપલ લેયર માસ્ક, એક હેન્ડ્ગ્લોઝ તેમજ એક હેન્ડ સેનિટાઈઝરની બોટલ આપવામા આવી હતી.

# કડવી અને કરુણ વાસ્તવિકતા..

આ ચિત્ર તમને યાદ છે ?
વર્ષ ૧૯૯૩ નું આ ચિત્ર છે.
ચિત્રનું નામ "ગીધ અને નાની છોકરી" હતું.
ચિત્રમાં એક ગીધ ભૂખી નાની છોકરીના મોતની રાહ જોતું બેસી રહ્યું હોય એવો ફોટો ક્લીક થયેલો છે.
દક્ષિણ આફ્રિકાના એક ફોટો જર્નાલિસ્ટ કેવિન કાર્ટર વર્ષ ૧૯૯૩ દરમિયાન સુદાનમાં દુષ્કાળ સમયે ભૂખમરો અને અરાજકતાને કેમેરામાં કંડારવા ગયેલા અને ત્યાં તેમણે ઘણાં બધાં ફોટો ક્લીક કર્યા હતા,
તે સમયે માર્ચ ૧૯૯૩ માં તેમણે આ ફોટો ક્લીક કર્યો હતો.
આ ફોટા માટે તેમને એપ્રિલ ૧૯૯૪માં ફોટો જર્નાલીઝમ ક્ષેત્રે વિશ્વમાં પ્રતિષ્ઠિત ગણાતો "પુલિત્ઝર એવોર્ડ" એનાયત કરાયો હતો.
પરંતુ કેવિન કાર્ટરે આટલું મોટું સન્માન મેળવવા છતાં ૨૭/૭/૧૯૯૪ ના રોજ માત્ર ૩૩ વર્ષની નવયુવાન વયે આત્મહત્યા કરી લીધી હતી...??
હવે સવાલ એ થાય કે,
આત્મહત્યા કરવાનું કારણ શું હતું
હકીકતમાં,
તે સમયે તે પોતે આટલા મોટા સન્માનની ઉજવણી કરવામાં વ્યસ્ત હતા, ત્યારે વિવિધ ટીવી ચેનલો પર તેમને એવોર્ડ મળવાના સમાચાર બતાવવામાં આવી રહ્યા હતા, તે સમયે કોઈએ ટેલિફોનિક ઇન્ટરવ્યુમાં તેમને પૂછ્યું કે- " અંતે ગીધ જેના મોતની રાહ જોતું હતું એ પેલી ફોટાવાળી છોકરીનું શું થયું ?"
કાર્ટરએ જવાબ આપ્યો કે - "તેઓ એ વિષયે કશું કહી શકે તેમ નથી. કારણ કે તેમને તે સમયે પોતાની ફ્લાઇટ પકડવાની ઉતાવળ હતી."
સવાલ પૂછનારે ફરીથી પૂછ્યું : "ત્યાં કેટલાં ગીધ હતાં ?"
"મને યાદ છે ત્યાં સુધી ત્યાં એક ગીધ હતું" કાર્ટરએ કહ્યું....
ફોનના બીજા છેડે આવેલા માણસે કહ્યું, "હું કહું છું કે તે દિવસે બે ગીધ હતા, તેમાંથી એક કેમેરાવાળો પોતે હતો."
આ શબ્દોના પ્રહારને સમજીને કેવિન કાર્ટર ખુબજ અસ્વસ્થ થઈ ગયા અને કેટલાક દિવસો ડીપ્રેશનમાં રહ્યા બાદ અંતે તેમણે આત્મહત્યા કરી લીધી..
કોઈ પણ પરિસ્થિતિમાં તમે ભલે ગમે તે મેળવવા માંગતા હોવ., પરંતુ તે માનવીય સંવેદનાયુકત તો હોવું જ જોઈએ.
કેવિન કાર્ટરે તે સમયે તેમણે ફોટો ક્લીક કર્યા બાદ જો તેમણે ભૂખે મરતા તે બાળકને યુનાઇટેડ નેશનના ખોરાક કેન્દ્રમાં લઈ જવાનો પ્રયત્ન કર્યો હોત જે માત્ર ૧/૨ માઇલ દૂર હતું, તો ચોક્કસપણે તે બાળક જીવિત હોત.....
આજે, ૨૬ વર્ષ પછી કેવીન કાર્ટરનો ભારતમાં પુનર્જન્મ થયો હોય એમ લાગી રહ્યું છે, આજે આખા ભારતમાંથી મજુરો ચાલતા પોતાના ઘરે પરત ફરી રહ્યા છે, ત્યારે કેટલાક ગીધો હાથમાં કેમેરા લઇને હજારો કિલોમીટર ચાલતા કામદારોની તસવીરો લેવામાં વ્યસ્ત છે. તડપતા અને ભૂખ્યા-તરસ્યા બાળકોને જોયા પછી પણ તેમને દયા આવતી નથી.
આ કેમેરાવાળા ગીધોને કામદારોના મોતની ચિંતા કરતા, પોતાની ચેનલની ્.ઈઁ.. વધારવાની અને બીજાની પાસે ના હોય તેવા સમાચાર એકત્રિત કરવાની ચિંતા વધું છે. તેઓ મૃતક કામદારો અને બાળકોના મૃતદેહો પર મસાલા નાખીને બ્રેકિંગ ન્યૂઝ એકત્રિત કરવામાં વ્યસ્ત છે.
કેવિન કાર્ટર આત્મગૌરવ વાળા હતા,
જેથી તેમણે આત્મહત્યા કરી.
પરંતુ આ આજના કેટલાંક સંવેદનહીન 'પત્રકાર'ના નામના ગીધ પોતાના અખબાર અને ચેનલની પ્રતિષ્ઠા માટે બ્રેકિંગ ન્યૂઝ બનાવવામાં વ્યસ્ત છે, પરંતુ ચાલતાં જતાં ભુખ્યા મજુરો, ગરીબો માટે તેઓ કંઈ કરવા તૈયાર નથી. તેમને કોઈ અફસોસ નથી પોતાની કર્તવ્યવિમુખતા તરફ...
નિજાનંદ વાસ્તવિકતા

## સરકારની લોભામણી લોન જાહેરાત

એક લાખ ની લોન માટે
લાઈન માં ઉભા રેવું
બે જામીન
તમારો સારો વ્યવહાર
પૂરા ફેમિલી ની ઝેરોક્ષ
તમારા કાગળ જોઈ ને નક્કી કરશે કે ૨૫,૦૦૦ આપવા કે લાખ
હવે વોટ લેવા આવો ત્યારે એટલા નિયમો નું પાલન કરીને આવજો નેતાઓ
એક વોટ માટે બે જામીન લાવજો
૫૦૦ રૂપિયા ના સ્ટેમ્પ પર લખી ને આવજો કે હું કરોડો રૂપિયા લઈ ને વેચાય નહિ
હું પ્રજા ના રૂપિયા નો પગાર નહિ લવ
હું પક્ષ પલટો નહિ કરું
હું કરોડો રૂપિયા નો ભ્રષ્ટાચાર નહિ કરું
હું લાલ લાઈટ વાળી ગાડી નહિ વાપરું
હું સરકાર ની ગાડી નહિ વાપરું
હું મારા બધા જ ખર્ચ જાતેજ ભરીશ
હું પ્રજા જોડે ફેકમ ફેક નહિ કરું
હું ખોટા વાયદા નહિ આપું
હું સરકાર નો બંગલો નહિ વાપરું
હું ખુદ આત્મનિર્ભર બનીશ
હું મારા મત વિસ્તારમાં જ રહીશ
હવે પ્રજા ને હેરાન કરવાનું બંધ કરો નહિતર હવે સહનશક્તિ જો ગુમાવી ને તો ભાગવું ભારે પડશે...અમૃત દેસાઈ ..પ્રદેશ પ્રમુખ.
ગુજરાત માલધારી સેના મીડિયા સેલ.

## કોરોનાના દર્દીનું મોત થતા ૯ દિવસનું રૂ. ૪.૬૯ લાખનું બીલ પકડાવતા પરિવાર ચિંતામાં

અમદાવાદ,તા.૨૪

અમદાવાદના આનંદનગર વિસ્તારમાં આવેલી કોવિડ હોસ્પિટલ તરીકે જાહેર કરવામાં આવેલી ખાનગી તપન હોસ્પિટલે કોરોનાના દર્દીનું મોત થતા પરિવાર જનોને રૂ. ૪.૭૦ લાખનું બિલ પકડાવી દીધું છે. પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે હોસ્પિટલ દ્વારા વધુમાં વધુ રોજના ૨૫૦૦૦ રૂપિયાનું બિલ થશે તેનું કોટેશન આપ્યું હતું પરંતુ આજે મોત થતા હોસ્પિટલએ રૂ. ૪.૭૦ લાખનું બિલ આપ્યું છે હાલમાં પરિવાર પાસે આટલી મોટી રકમ ભરી શકે તેવી વ્યવસ્થા નથી અને હોસ્પિટલ દ્વારા મોટું બિલ આપી દેતા તેઓ દયનીય પરિસ્થિતિમાં મુકાયા છે.

બીજીતરફ આ મામલે તપન હોસ્પિટલનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા બે નંબર બંધ આવે છે જયારે અન્ય પર ફોન કરતા ફોન રિસીવ કરવામાં આવ્યો ન હતો. ગોમતીપુરના સુખરામનગરમાં રહેતા ૬૪ વર્ષના સોની સુખરાજભાઈને ૧૪મે ના રોજ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા કોવિડ હોસ્પિટલ જાહેર કરવામાં આવેલી આનંદનગરની તપન હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

સુખરાજભાઈના પુત્ર જગદીશે જણાવ્યું હતું કે તપન હોસ્પિટલ દ્વારા તમામ વિઝીટ ચાર્જ સહિત મને દરરોજના ૧૩૦૦૦નું કોટેશન આપ્યું હતું અને વેન્ટિલેટર પર જાય તો વધુમાં વધુ ૨૫૦૦૦નું રોજનું બિલ થશે. આજે મારા પિતાનું અવસાન થયું છે. હોસ્પિટલએ અમને રૂ.૪.૬૯ લાખનું બિલ આપ્યું છે. જો રોજના ૨૫૦૦૦ ગણીએ તો પણ ૨.૫૦ લાખ જેટલું જ બિલ થાય છે. પરંતુ આજે અમને આટલી મોટી રકમનું બિલ આપતા ખૂબ જ મુંઝવણમાં મુકાયા છે.

## અરવલ્લીના ધનસુરામાં ૩ અને મેઘરજમાં એક મળી ૪ નવા કેસ નોંધાયા

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસથી અત્યાર સુધી ૧૦૭ લોકો સંક્રમિત થયા છે. જેમાં શનિવારે ધનસુરા તાલુકાના ત્રણ અને મેઘરજમાં એક વધુ નવો કોરોના પોઝિટીવના કેસ મળી આવતા જિલ્લામાં ચાર નવા કેસનો ઉમેરો થયો છે. આ અંગે વિગત આપતા જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી આશિષ નાયકે જણાવ્યું હતું કે, જિલ્લામાં શનિવારના રોજ ધનસુરા તાલુકમાં અંબાસર ગામમાં બે, જયારે વ્રજપુરાકંપા એક તેમજ મેઘરજ તાલુકાના ગોકચુવાણ ગામે એક કેસ નોંધાતા કુલ ચાર કેસ મળી આવ્યા હતા જેને લઇ જિલ્લામાં કોરોના પોઝિટીવનો દર્દીઓની સંખ્યા ૧૦૭ સુધી પંહોચી ગઇ છે. જેને લઇ આરોગ્ય વિભાગ દ્વારા પ્રતિબંધિત વિસ્તારોમાં આરોગ્યની ટીમો હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી હાથ ધરી છે. જિલ્લામાં હાલની પરિસ્થતિએ ૩૬૯ સેમ્પલનો રીપોર્ટ બાકી છે. જેને લઇ ૨૪૧૨ લોકોને હાલમાં હોમ કોરેન્ટાઇન કરાયા છે. અત્યારે બાયડની વાત્રક કોવિડ હોસ્પિટલ ૧૬, તેમજ મોડાસા સાર્વજનિક કોવિડ હોસ્પિટલ ૧૧ મળી કુલ ૨૭ કોરોના પોઝિટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે કોવિડ કેર સેન્ટરમાં બે દર્દીને રખાયા છે. સાબરકાંઠા તેમજ અમદાવાદ જિલ્લાના એક-એક દર્દસ મોડાસા સાર્વજનિક હોસ્પિટલ કોરોનાની સારવાર લઈ રહ્યા છે.શુક્રવારે સાંજે બાયડ તાલુકાના ચોઈલા ગામના પોઝીટીવ દર્દીની વાત્રક કોવિડ હોસ્પિટલ ખાતે સારવાર પૂર્ણ થતાં રજા આપવા આપવામાં આવતા જિલ્લામાંકુલ ૭૭ દર્દીઓ સ્વસ્થ્ય થઇ સ્વગૃહે પરત ફર્યા છે.




# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલઃ જીજ્ઞા કપુરિયાં

ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્યિક બાળ વિભાગ સ્પર્ધા

શીર્ષક :મા તે મા (ગદ્ય)–

હૈયામાં હેત ભર્યું જેને
વેણ વેણ વરદાંન;
દેખ ,ઘરેઘરે એજ વિરાજે
ભૂતળમાં ભગવાન.

ઇશ્વર મનુષ્ય દેહ ધરીને બધે પહોંચી "મા"નું સમગ્ર વ્યક્તિત્વ આ સત્યની પ્રતીતિ કરાવે છે. "મા" શબ્દ જ કેટલો મધુર છે! "મા" શબ્દ બોલતાં હૈયું પ્રફુલ્લિત થઈ જાય છે. જનનીનું સંપૂર્ણ અને તટસ્થ શબ્દચિત્ર દોરવાનું કાર્યં અત્યંત મુશ્કેલ છે. કયો માનવી પોતાનું વર્ણન લાગણીનાં તરવરાટ વિના કરી શકે? હું પણ "મા" વિશે લખતા ઊર્મિનો અવો જ ઉમળકો અનુભવું છું.
સાગરમાં જેટલું પાણી નથી એટલી "મા" ના હૈયામાં મમતા છે."મા" ના ચરણોમાં સ્વર્ગ છે. સંતાનની પહેલી ગુરુ તેની" મા" હોય છે.સાચા પ્રેમનું બીજુ નામ "મા" છે."મા"થી વિશેષ કોઈ નથી જે ભગવાન દ્રારા આશીર્વાદ સમાન છે.
ખરેખર, "મા" સ્નેહ, મમતા, કર્તવ્યપરાયણતા અને સદ્દ્ભાવનાની મંગલમૂર્તિ છે. સુખસમૃધ્ધિથી સભર બનાવવામાં "મા" નો ફાળો સૌથી મહત્વનો હોય છે. સંતાનો પોતાનું જીવન" મા" નાં ચરણે ધરી દઇ તો પણ "મા" નું ઋણ ફેડી ન શકીએ

ધાર્મિક ક. ડોડીયા(R.C. Patel High School)

------------------------------------------------------

શીષેકઃ મા તે મા

મા એટલે ભગવાન નું જીવતું - જાગતું સ્વરૂપ છે. ભલે ભણેલી ગણેલી હોય કે ના હોય પણ આ સંસારનું દલેભ અને મહત્વપૂર્ણ જ્ઞાન આપણને બધાંને "મા" પાસે થીજ મળે છે. ચાલતી ફરતી આંખોથી અરજો જોઈ છે. મને જનત તો ના દેખાણી , મને તો મારી "મા" દેખાણી. "મા" એક સારી બેન છે, "મા " એક બેનપણી છે. મા બધાંની જગ્યા લઈ સકે છે પણ "મા" ની જગ્યા કોઈના લઈ શકે. "મા " એવું નથી કે હું તમને ફકત આજનાક જ દિવસે યાદ કરૂ છું , આજનાં દિવસે તો હું દુનિયા ને ફકત એ જણાવું છું કે તમારી હાજરી નું મહત્વ મારા જીવનમાં શું છે?. આંસુ તમારા નીકળે ને આંખ મારી હો, દિલ તમારૂં ધબકે ને ધબકારા મારા હોય ,ભગવાન કરે
આપણા બન્નેની મિત્રતા એટલી જીગરી હોય, કે રસ્તા વચ્ચે મને મારે જયારે ભૂલ તમારી હો. અને જયારે મમ્મી પુછે ને કે તે ખાધું તો આપણે કહીએ કે હા ખાધું પણ મમ્મી ઓળખી જાય કે ના તેણે નથી ખાધું . જેની આખ તમારાં આંસુ જોઈને ભરાઈ આવે અને કયારેય રડાવશો નહી , કારણકે આંસુ લુછનારા તો બહુ મળશે, પણ "મા".. આંસુ પોતાની આંખો માં
લેનારી કયારેય નહીં મળે...
કોઈ "મા" પોતાના દીકરા ને કયારેય આવું નથી બોલતી કે મને સુખી રાખજે.. "મા" તો ફકત એટલુંજ બોલે છે.. કે બેટા તું સુખી રહેજે હજારો ગમ હોય તો પણ હુ ખુશીથી ખીલું છું પણ જયારે મારી
મા હસે છે.. તો હું બધાં ગમ ભૂલી જાવ છુ.. ઘરમાં કેટલા પણ લોકો હોય આપણને બધાં દેખાય.. પણ જયારે મમ્મીનાં દેખાય નહીં તો ઘર ખાલી ..ખાલી... દેખાય. હું રમતાં..રમતાં .. પડી ગઈ દવા તો કામ ન આવી તો નજરો ઉતારે છે.. "મા" છે. સાહેબ હાર.. કયાં માને છે?
અરે "મા" તો "મા"

વિધિ ગુણવંતભાઇ ચૌહાણ (Std: 9th)

------------------------------------------------------

શીર્ષક :માં તે માં (ગદ્ય)

મીઠા મધુ ને મીઠા મેહલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે ...
જનની ની જોડ સખી! નહી જડે રે લોલ
પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ,
જગથી જૂદેરી એની જાત રે ...
જનની ની જોડ સખી! નહી જડે રે લોલ
અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એના વેણ રે ...
જનની ની જોડ સખી! નહી જડે રે લોલ
હાથ ગૂંથેલ એના હીરાના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે ...
જનની ની જોડ સખી! નહી જડે રે લોલ
દે વોને દૂધ એનાં દોહયલા રે લોલ,
કાળજામાં કૈંક ભર્યો કોડ રે ...
જનની ની જોડ સખી! નહી જડે રે લોલ
ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે ...
જનની જોડ સખી! નહી જડે રે લોલ

મને વહાલામાં વહાલી મારી મમ્મી છે. મારી મમ્મીનું નામ છાયા છે.
મને મારી મમ્મી સવારે વહેલી જગાડે. છે. દાંત સાફ કરવા, સ્નાન કરવું, પ્રભુને પ્રાર્થના કરવી -આવી સારી ટેવો મારી મમ્મીએ મને શીખવાડી છે. મારી મમ્મી સવારે ગરમ દૂધ પીવા આપે છે. દૂધ સાથે તે મને નાસ્તો પણ આપે છે.
મારી મમ્મી મને તૈયાર કરી સમયસર શાળામાં મોકલે છે. તે હાથ ઊંચો કરી મને વિદાય આપે છે. સાંજે ભણીને શાળામાંથી હું ઘેર આવું છું ત્યારે મારી મમ્મી મને આવકારે છે. તે મને વહાલથી હૈયે ચાંપે છે. તે મારા માથે પ્રેમથી હાથ ફેરવે છે.
મારી મમ્મી મને પાસે બેસાડી નિશાળનું લેસન કરાવે છે. તે મને ભણાવે છે.
મારી મમ્મી મને ભાવતી વાનગીઓ બનાવીને જમાડે છે. તે બજારમાંથી ફળો તથા બિસ્કિટ લાવે છે. ને મને નાસ્તા તરીકે જમાડે છે.
મારી મમ્મી મારે માટે રમકડાં લાવે છે. તે વાર્તાઓની ચોપડીઓ પણ મારે માટે લાવે છે.
રાત્રે સૂઈ જતાં પહેલાં મારી મમ્મીને હું કવિતાઓ ગાઈ સંભાળવું છું. મારી મમ્મી મને નવાં નવાં ગીતો શીખવાડે છે. મારી મમ્મી મને મઝાની વાતો પણ કહે છે. હું મારી મમ્મીને ખૂબ ચાહું છું. મારી મમ્મી મને ખૂબ પ્રેમ કરે છે.

મારી " મા " જ મારા માટે ભગવાન છે,
તેના ચરણોમાં રહેવું પણ વરદાન છે.
તેનો હાથ માથા પર છે તો સુખી છું હું,
નહીં તો મારું જીવન, કયાં આસાન છે.
બાકી બધાનું મહત્વ પણ છે જીવનમાં,
સૌથી ઉપર મારી માતાનુંજ સ્થાન છે.
ભગવાન ખુશ છે, માતા ખુશ હશે,
' મા' નું રિમત એ ભગવાનનું માન છે.
મંદિર - મરજીદ ' મા ' જ છે મારા ' અખતર ' એંજિ મારી પુંજા એંજ મારી અઝાદ છે.

રીયા કલ્પેશ દરજી (STD : 9th )

------------------------------------------------------

શીર્ષકઃ માં તે માં (ગદ્ય)

જે દેહ માંથી દેહ આપે એનું નામ?' "માં"
ઈશ્વરે પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે સૌથી પ્રથમ માતા બનાવવાનું વિચાર્યું હશે! માં એટલે વાત્સલ્યની મૂર્તિ એના જેવી વ્યક્તિ આ જગતમાં કોઈ નહીં. બા??ળકને જન્મ આપનાર અને એનું લાલનપાલન કરી જીવનનું સુયોગ્ય ઘડતર કરનાર માતાની મૂલ્યવાન સેવાનો બદલો વાળી શકાય એમ નથી. બાળક ઉદરમાં હોય ત્યારથી માંડીને એ મોટું અને સમજણુ થાય ત્યાં સુધી અનેક કષ્ટો વેઠણાર અને પોતાના શરીર સુખના ભોગે પોતાના બાળકની માવજત કરનાર માતાને જો ઈશ્વરે પેદાજ ના કરી હોય તો આપણું શું થાત?
" જનનીની જોડ સખી નહિ જડે રે લોલ!
માતા એ માતા જ છે.
માતાનું મન એનું પ્રત્યેક બાળક કાળજાનો કટકો છે. માતા ગરીબ ઘરની હોય કે શ્રીમંત ઘરની વાત્સલ્યનું ઝરણું તો અખૂટપણે વહયા જ કરે છે. માતાનો ફાળો અનન્ય અને અનમોલ રહ્યો છે.
' ગોળ વગર મોળો કંસાર માતા વગર સુનો સંસાર ' દવા કામ નાં આવી તો નજરે ઉતારે છે.
માં છે સાહેબ , હાર ક્યાં માને છે.
મારી માં જ મારા માટે ભગવાન છે , તેના ચરણોમાં રહેવું પણ વરદાન છે.
તેનો હાથ માથા પર છે તો સુખી છું , નહીં તો મારૂ જીવન ક્યાં આસન છે.
હો માં.... હો માં.... મારી માં પ્યારી માં....
બાળક માંદુ પડે. નિશાળેથી આવતા થોડું મોડું થાય કે કોઈ ચીજ મેળવવા માટે ધમપછાડા કરે ત્યારે માતા લાખો કામ પડતાં મૂકીને કેવી બેબાકળી અને ચિંતાતુર બની જતી હોય છે! બાળકના દુખેઃ દુઃખી થનારી રાત દિવસ તેનાં હિતની પ્રાથના કરનારી માતા જેવી ત્યાગમૂર્તિ જગતમાં બીજે ક્યાંય નથી. જીવન નૈયાનું સુકાન માતા છે. માં વિનાનાં બાળકોની . સ્થિતિ અત્યંત દયાજનક અને અશ્ય હોય છે. માતા કાયમ પોતાના બાળકોને સારા સંસ્કાર અને સારા આશિર્વાદ જ આપતી હોય છે.

જાનકી અશ્વિનભાઈ ગોહિલ (STD: 9th)

------------------------------------------------------

શીર્ષક : મા તે મા(ગદ્ય)

માઁ તે માઁ
મારી માઁ જ મારા માટે ભગવાન છે,
તેના ચરણો માં રહેવું પણ વરદાન છે.
તેનો હાથ માથા પર છે તો સુખી છું હું
નહીં તો મારું જીવન, ક્યા આસાન છે.
બાકી બધા નું પણ મહત્વ છે જીવન માં,
સૌથી ઉપર મારી માતા નું જ સ્થાન છે.

ભગવાન ખુશ છે જો માતા ખુશ હશે,
"મા" નુ સ્મિત એ ભગવાન નું માન છે.
મંદિર મસ્જિદ એ જ છે મારી માતા,
એજ મારી પૂજા એ જ મારી અઝાન છે.

જાનહ્વી રાજેશ ચુડાસમા (std:6)
મલાડ .મુંબઈ

------------------------------------------------------

શીર્ષક : મા તે મા(ગદ્ય)

મા જ એક એવી છે જે આપણને ઓળખી શકે. એ આપણને દર વખતે સાચા પથ પર લઇ જાય. મા ની જેવું કોઈ નથી આ સંસારમાં. મા તે મા, જીવનની કોઈ પણ કઠણાઈમાં કોઈ સાથ આપે કે ન આપે પણ મા હંમેશા પડછાયો બનીને તમારી મદદ કરશે. મારી મા મારા માટે એક ભગવાનનું સ્વરૂપ છે. એ મને સૌથી વ્હાલી છે કારણકે એના જેવુ કોઈ નથી. એ હંમેશા મને સાથ આપે છે અને આપશે, જરૂર પડે તો મારા માટે લડશે.
મારુ જીવન એટલે મારી મા

ધૈર્ય જીગ્નેશ મહેતા (std: 4)

------------------------------------------------------

શીર્ષક-મારું ગુજરાત.......

ભારતમાતાની ગોદમાં રમતું મારું રંગીલું ગુજરાત,
છે રાજ્ય,દેશ,દુનિયાથી અલગું મારું ગુજરાત,
શૂરા,સાહિત્ય,સંગીત અને શ્રધ્ધાનો સરવાળો છે ગુજરાત,
માન,મોભો,મર્યાદા અને મિઠાશનો મેળાવડો છે મારું ગુજરાત.
જ્યાં નાર નમણી અને સમી નારાયણી એજ આ ગુજરાત,
રણબંકા,શૂરવીર અને દયાળા નરને ઘરે મારું આ ગુજરાત,
ગાંઠિયા,થેપલા,જલેબી અને ઢોકળાના જમણ જમે ગુજરાત,
કવિ,કલાકાર અને કૃષ્ણ મહારાજની ભૂમિ આ મારું ગુજરાત.
વિકાસ અને વિનાશ બક્ષે સદા,વિધાતા છે મારું ગુજરાત,
અંગ્રેજ પહેલો બેસે છે અહીં, એ જ મારું આ ગુજરાત,
ગાંધી,સરદાર નીકળે લઈ આઝાદીનો વિચાર એ છે ગુજરાત,
જ્યાં દીપે પ્રભાત,દીપે રાત પણ એ જ આ તેજીલું ગુજરાત,
સાગર સમી વિશાળ,સરિતા સમી મધુર જાત છે ગુજરાતી,
રાજાધિરાજ,મહારાજ કૃષ્ણની ધન પ્રજા છે આ ગુજરાતી,
ક્યાંય પાછીપાની કરે નહિં એવી નાત આ ચતુર છે ગુજરાતી,
કરે 'સુજ્ઞ' વંદન આ ધરાને,વંદન ભાષા તને પણ ઓ ગુજરાતી.
'સુજ્ઞ'

ભુમિત પિઠડિયા
આઝાદ ચોક,(માંડવી કચ્છ).



# લોકડાઉનમાં કેટલાક નિયમો-શરતોને આધિન છૂટછાટ ના પરિણામે રાજ્યમાં ખેત ઉત્પાદનના વેચાણમાં વેગ

## સોશિયલ ડિસ્ટન્સિંગ નિયમો -ફરજિયાત માસ્ક - સેનીટાઈઝર ઉપયોગની સતર્કતા સાથે ખેત ઉત્પાદન વેચાણ ખરીદ પ્રક્રિયા ગતિશીલ બની

કોરોના વાયરસ કોવિડ-૧૯ની વિશ્વ વ્યાપી મહામારી સાથે મહામારી સામે સતર્કતાપૂર્વક જનજીવન પૂર્વવત કરવા રાજ્યમાં ઉદ્યોગ, વેપાર, ધંધા-રોજગાર ખેતીવાડીની પ્રવૃતિને વેગ આપવામાં આવી રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકડાઉન-૪માં કેટલીક શરતો અને નિયમોને આધીન આપેલી વ્યાપક છૂટ્ટછાટોને પરિણામે જનજીવન ઝડપભેર થાળે પડી રહ્યું છે. રાજ્યના માર્કેટયાર્ડ પણ ખેત ઉત્પાદન વેચાણ પ્રવૃત્તિઓથી ધમધમતા થયા છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અશ્વિનીકુમારે આ અંગેની વિગતો આપતા કહ્યું કે, રાજ્યના ધરતીપુત્રોની ખેતપેદાશોને લોકડાઉનના કારણે વેચાણમાં વિપરીત અસર ન પડે તે હેતુથી મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના માર્કેટયાર્ડ તા. ૧૫ એપ્રિલથી કાર્યરત કરવાની અનુમતિ આપી હતી.

તેમણે ઉમેર્યું કે તબક્કાવાર માર્કેટયાર્ડ શરૂ થતાં રાજ્યના ખેડૂતોને પોતાની ઉપજના વેચાણના પોષણક્ષમ ભાવ આ માર્કેટ યાર્ડમાં ખેત ઉત્પાદન વેચાણથી મળતા થયા છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે રાજ્યભરના માર્કેટ યાર્ડમાં વેચાણ માટે આવેલ અનાજની વિગતો આપતા જણાવ્યું કે, સમગ્ર રાજ્યના માર્કેટયાર્ડમાં તા.૨૩મી મે સુધીમાં કુલ ૬૬ લાખ ૪૯ હજાર ૨૫૪ ક્વિન્ટલ અનાજ ખેડૂતો વેચાણ માટે લાવ્યા છે

આ અનાજમાં ૧૯,૩૭,૧૬૧ ક્વિન્ટલ ઘઉં ૧૪,૬૬,૪૯૨ ક્વિન્ટલ એરંડા, ૩,૫૩,૧૮૨ ક્વિન્ટલ કપાસ તેમજ ૧,૮૩,૭૯૪ ક્વિન્ટલ તમાકુ અને ૨,૮૫,૧૯૭ ક્વિન્ટલ ચણા મુખ્યત્વે ખેત ઉત્પાદનોનો સમાવેશ થાય છે

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, આ માર્કેટયાર્ડમાં ખરીદી અને વેચાણની પ્રક્રિયા દરમિયાન કોરોના સંક્રમણ નિયંત્રણ સુરક્ષા માટે ફરજિયાત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ, સેનીટાઈઝરનો ઉપયોગ તેમજ માર્કેટયાર્ડમાં થર્મલ ગનથી સ્ક્રિનિંગની પણ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવેલી છે.મુખ્યમંત્રીશ્રીના સચિવે રાજ્યના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ઘઉં અને તુવેર તેમજ રાયડો અને ચણાની ખરીદી પ્રક્રિયા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ અને ગુજકોમાસોલ દ્વારા શરૂ કરવામાં આવી છે તેની પણ વિગતો આપી હતી.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ૨૩,૪૩૭ મેટ્રિક ટન ઘઉં તેમજ ૧૧,૫૮૩ મેટ્રીક ટન તુવેરની ખરીદી અત્યાર સુધીમાં કરવામાં આવેલી છે.

ગુજકોમાસોલ પણ રાજ્ય સરકાર વતી ચણા અને રાયડાની ખરીદી કરે છે તે અંતર્ગત ૭૩,૫૭૪ ચણા અને ૧૨,૨૧૩ મેટ્રિક ટન રાયડો ખરીદ થયો છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ કહ્યું કે, લોકડાઉનને કારણે ખેડૂતોના ખેત ઉત્પાદન વેચાણ પ્રવૃત્તિને જે વિપરીત અસર પડી હતી તેમાંથી હવે આ લોકડાઉન-૪માં અપાયેલી વ્યાપક છૂટછાટોને પરિણામે રાહત થતા ધરતીપુત્રોને પણ પોતાના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ સાથોસાથ આર્થિક આધાર પણ મળતો થયો છે.

સીએમ-પીઆરઓ / ભરતગાંગાણી

# અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ દ્વારા રાશનકીટ નું વિતરણ કરવામાં આવ્યું



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ દ્વારા કોરોના મહામારી અંતર્ગત ખૂબ જ જરૂરિયાતમંદ કુટુંબો ને રાશનકીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું આ વિતરણ કાર્યક્રમ ના ઉદઘાટન પ્રસંગે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ના પ્રમુખ હસમુખભાઈ પટેલ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળના મહામંત્રી રણજીતકુમાર વણકર રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી ના અધ્યક્ષ મિનેશકુમાર પટેલ તથા પ્રજ્ઞેશભાઈ શર્મા તથા અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળના પ્રમુખ જીતેન્દ્રકુમાર પંડ્યા મહામંત્રી અશ્વિનકુમાર રાઠોડ મોડાસા તાલુકા ઉત્કર્ષ મંડળના પ્રમુખ કમલેશભાઈ પરમાર મંત્રી વિનુભાઈ રાઠોડ માલપુર તાલુકા ટીચર્સ મંડળી ના પ્રમુખ જયંતિભાઈ પ્રણામી અને ઉત્કર્ષ મંડળના શિક્ષકોએ હાજરી આપી હતી.અરવિંદભાઈ પરમારે સહયોગ પૂરો પાડ્યો હતો.

આ માનવસેવા ના કાર્યમાં ઉત્કર્ષ મંડળના શિક્ષકોએ આર્થિક સહયોગ પૂરો પાડ્યો હતો તેમજ અરવલ્લી જીલ્લા રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘ દ્વારા રૂ.૧૧૦૦૦/- મોડાસા ધનસુરા ટીચર્સ મંડળી દ્વારા રૂ ૧૧૦૦૦/- તથા અરવલ્લી જીલ્લા ટીચર્સ મંડળી દ્વારા રૂ.૧૦૦૦/-નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતોઆ કાર્યક્રમમાં આર્થિક સહયોગ આપનાર શિક્ષકો તથા સંઘના હોદ્દેદારો નો અરવલ્લી જીલ્લા ઉત્કર્ષ મંડળે સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો




**ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને એનસીપી ના ગુજરાત અધ્યક્ષ શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ એ ગુજરાતમાં કોરોના નો સૌથી વધારે મૃત્યુઆંક ધરાવતી અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન દર્દીઓના સગાવહાલા, કોરોના વોરિયર્સ તરીખે દેશના સૈનિકો ની જેમાં સતત સેવાઓ આપનાર ડોક્ટર્સ, જુનિયર ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ, વોર્ડ બોય અને વર્ગ ૪ ના કર્મચારીઓને મળી તેમની સેવાઓને બિરદાવી હતી અને તેમના પ્રશ્નોને સમજ્યા હતા અને જરૂરી સૂચનો રાજ્ય સરકાર સુધી પહોંચાડવાની હૈયાધારણા આપી હતી. આજ રીતે ૧ થી ૪ લોકડાઉન દરમ્યાન ખડેપગે સેવાઓ આપનાર પોલીસ વિભાગના જવાનોને મળી અભિનંદન આપ્યા હતા તેમજ સેવાઓ આપનાર સમગ્ર પોલીસ બેડાનો આભાર વ્યકત કર્યો હતો. શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ એ ત્યારબાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એસવીપી હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી.**

# મોડાસાના ધારાસભ્યના ફાર્મ હાઉસ પર ચોરી કરનાર કુખ્યાત ચાંદટેકરીના આરીફ ખ્યાલી મુલતાનીના ઘરે પોલીસ રેડ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા




અરવલ્લી જીલ્લાના મોડાસા નગરપાલિકાના ચાંદ ટેકરી વિસ્તારમાં રહેતા પશુ ચોરીમાં ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પંકાયેલા કેટલાક અસામાજિક તત્ત્વો પશુ ચોરી સાથે ઘરફોડ ચોરી કરી પોલીસતંત્રના નાકે દમ લાવી દીધો છે ધનસુરા તાલુકાના ગુજેરી ગામે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરના ફાર્મ હાઉસમાં અને કમલીયા ગામના ખેતરમાં ઘર બનાવી રહેતા ખેડૂતના ઘરે ત્રાટકી સરસમાનની ચોરી કરનાર ગેંગના મુખિયા ચાંદટેકરીના આરીફ ખ્યાલી મુલતાની ઘરે નવનિયુક્ત ભરત બસિયા અને જીલ્લા પોલીસતંત્રએ સંયુક્ત રેડ કરી ચોરાયેલ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી આરોપી પોલીસને થાપ આપી રફુચક્કર થઇ જતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા મોડાસા શહેરના કુખ્યાત ચાંદ ટેકરી વિસ્તારમાં પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓ પર રેડ દરમિયાન અગાઉ હુમલાની ઘટનાઓ બનતા એકલ-દોકલ પોલીસ વાહન લઈ જવાનું પણ મુનાસીબ સમજતા નથી તેવો ખોફ છે ચાંદટેકરી વિસ્તારમાં પશુ ચોરી, ઘરફોડ ચોરી અને ગોરખધંધામાં સંકળાયેલા કેટલાક અસામાજિક તત્ત્વો પોલીસરેડ સમયે મહિલાઓને આગળ કરતા હોવાથી પોલીસતંત્ર માટે પણ રેડ કરવી માથાના દુખાવા સમાન બની રહે છે ત્યારે ધનસુરા તાલુકાના ગુજેરી ગામે આવેલ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરના ફાર્મ હાઉસમાં અને કમાલિયા ગામે ખેતરમાં રહેતા બદલભાઈ ભીખાભાઇ ખાંટના મકાનમાંથી તમામ સરસામાન અને રાચરચીલું ઉઠાવી જતા આ અંગે ધનસુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતા બંને ઘરફોડ ચોરીમાં ચાંદટેકરી નો કુખ્યાત આરીફ ખ્યાલી મુલતાની અને તેની ગેંગ સંડોવાયેલી હોવાની બાતમી મળતા ડીવાયએસપી ભરત બસિયા,એલસીબી પીઆઈ મનીષ વસાવા,એસઓજી પોલીસ, ટ્રાફિક પોલીસ, ધનસુરા પીએસઆઈ કે.એસ.સીસોદીયા સહીત જિલ્લાની પોલીસે સંયુક્ત રેડ કરતા ચાંદટેકરી વિસ્તારમાં ભારે દોડધામ મચી હતી આરીફ ખ્યાલી મુલતાનીના ઘરે થી ચોરી કરેલ સોફાસેટ, ડાયનિંગ ટેબલ ખુરશીઓ, પ્લાસ્ટિકની ખુરશીઓ,ટીવી, ગેસ બોટલ-૨૦, સગડી, ઘઉં-મકાઈ ભરેલ પીપ અને ઘરવખરીનો સામાન મળી કુલ રૂ.૪૨૪૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી રેડ જોઈ ફરાર આરીફ ખ્યાલી મુલતાનીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# છોટા કાશી માં કોમી એકતાનો સમંદર છલકાયો બ્રાહ્મણ પરિવારે પૂરા મહિના ના રોજા રાખ્યા



છોટી કાશી તરીકે ઓળખાતું જામનગર શહેર આમ તો કોમી એકતા માટે પ્રખ્યાત છે શહેરમાં બધા તહેવારો કોમી એકતા થી શાનભેર ઉજવાય છે ત્યારે હાલ ઈસ્લામ ધર્મનો અતિ પવિત્ર રમજાન માસ પૂર્ણ થયો છે મુસ્લિમ સમાજ દ્વારા આ પવિત્ર માસમાં રોજા રાખી અલ્લાહની બંદગી કરી પુણ્યના હકદાર બન્યા છે પણ મહત્ત્વની વાત એ છે જામનગરમાં રહેતા અને પૂજા પાઠ ની વિધિ કરતા બ્રાહ્મણ પરિવારે પવિત્ર રમજાન માસના પુરા ત્રીસ રોજા રાખી કોમી એકતા સાબિત કરી બતાવી છે જામનગરના પ્રણામી સોસાયટીમાં રહેતા પરેશભાઈ ત્રિવેદી ઉંમર વર્ષ ૪૫ તેમજ અલ્પાબેન ત્રિવેદી ઉમર વર્ષ ૨૦ આ બંને પિતા પુત્રી એ રમઝાન મહિનાના પૂરેપૂરા ૩૦ રોજા રાખ્યા તે વાત મીરાદાતારના ખાદીમ અલ્તાફ બાપુને જાણવા માં આવતા દરગાહ શરીફ પાસે બંને પિતા પુત્રી નું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું

અલ્તાફ બાપુ દ્વારા પરેશભાઈ ત્રિવેદીને ફૂલહારથી વધાવવામાં આવ્યા હતા તેમજ મહેજબીન મકરાણી દ્વારા અલ્પાબેન ત્રિવેદીને ફૂલહારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.....

# મદારે મહેઝર એજ્યુ. ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તમામ દાતાઓ નો આભાર વ્યકત કરવામાં આવ્યો

કોવીડ ૧૯ નામથી આખી દુનિયા થરથરી રહી છે ત્યારે આપણા ભારત દેશમાં પણ આ વાયરસે હાહાકાર મચાવ્યો છે તો ગુજરાતના લગભગ જિલ્લામાં આ વાયરસે પગપેસારો કર્યો છે ગુજરાત સરકાર કોવીડ ૧૯ સામે લગાતાર ઝઝૂમી રહી છે લોક રક્ષા કાજે તમામ પ્રયત્ન કરીને આ વાઈરસ ને માત આપવા સતત પ્રયત્નશીલ છે હાલ ચોથા તબક્કાનું લોકડાઉંન ચાલી રહ્યું છે ત્યારે સરકાર શ્રી દ્વારા લોકોની રોજીરોટી માટે શરતી છૂટછાટ આપવામાં આવી છે

ત્રીજા લોકડાઉંન સુધી તમામ પ્રકાર ના ધંધા રોજગાર સંપૂર્ણ ઠપ્પ હોવાથી લોકોને પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ હતું આવા સંકટ સમય વેળા જામનગરમાં ઘણી બધી સંસ્થા દ્વારા ભોજન વ્યવસ્થા કરી જરૂરતમંદ લોકોની મદદ કરવા આગળ આવી હતી આવીજ સંસ્થા મદારે મહેઝર એજ્યુ. ચેરિટેબલ ટ્રસ્ટ પણ લોકોની મદદે આવી બે ટાઈમ ભોજન બનાવી જરુરસતમંદ લોકોને ઘરે ઘરે પહોંચાડવાનું કાર્ય શરુ કર્યું હતું ત્યારે આ સંસ્થા બધા લોકોનો આભાર માંને છે જે લોકો સંસ્થામાં હોદેદાર ના હોવા છતાં માનવતાના કાર્યમાં સામેલ થયાં હતા બીજા એલોકોનો ખાસ આભાર માંને છે જે લોકોએ આ સંસ્થાને નામ આપ્યા વગર અનાજ કરિયાણું પૂરું પાડેલ હતું

જે લોકોએ સંસ્થાના ભગીરથ કાર્યમાં તન મન ધન થી સહયોગ આપ્યો તેં બદલ સંસ્થાના તમામ હોદેદારો તેમજ પ્રમુખ અકબર દીવાન.. ઉપ પ્રમુખ અલ્તાફ દીવાન.. આસિસ્ટન્ટ પ્રમુખ અકરમ ખીરા.. તહેદિલથી આભાર માને છે

# કેશોદ વેપારી મહામંડળ મંત્રી દ્વારા મેસેજ વાયરલ કરતાં પોલીસ માં ફરિયાદ

## કેશોદ શહેરમાં ઓડ-ઈવન પધ્ધતિ હેઠળ ચાલતાં આંદોલનને તોડી પાડવા આચર્યું હતું કૃત્ય

કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

ગુજરાત સરકાર દ્વારા કોરોના વાયરસ ફેલાતો અટકાવવા માટે લાગું કરવામાં આવેલ લોકડાઉન-૪ માં ઓડ-ઈવન પધ્ધતિ હેઠળ વેપાર ધંધા રોજગાર કરવામાં છુટછાટ આપવામાં આવી હતી જેનાં પગલે જીલ્લા કલેકટર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે ત્યારે કેશોદ શહેરમાં વેપારીઓ દ્વારા ઓડ-ઈવન પધ્ધતિ નો વિરોધ કરવામાં આવ્યો છે. કેશોદ મોબાઈલ એશોશીએશન પ્રમુખ રાજુભાઈ બોદર દ્વારા સોશ્યલ મીડિયા, પ્રિન્ટ મીડિયા અને ટેલી મીડિયા માં કેશોદ શહેરના વેપારીઓ ને અપીલ કરી તા.૨૦મી મે નાં રોજ સવારે અગીયાર વાગ્યે ધંધા રોજગાર બંધ રાખી પંદર મિનિટ કાળાં વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શન કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. કેશોદ મોબાઈલ એશોશીએશન,કટલેરી બજાર એશોશીએશન અને કાપડબજાર એશોશીએસન જોડાયા હતા અને કેશોદ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અને કેશોદ શહેર વેપારી મંડળ દ્વારા લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં સ્થિતિ ગંભીર બની હોય જુનાગઢ જિલ્લા પોલીસ વડા સૌરભસિહ ની રજૂઆત સાંભળી સરકાર માં રીપોર્ટ કરવાની ખાત્રી આપતાં આંદોલન મોકૂફ રાખવામાં આવ્યું હતું. જયારે તંત્ર દ્વારા ઉપલી કચેરીને રીપોર્ટ કરી વેપારીઓ ની રજૂઆત અંગે નિર્ણય લેવા વહીવટી કામગીરી શરૂ કરી હતી પરંતુ કેશોદ મોબાઈલ એશોશીએશન પ્રમુખ રાજુભાઈ બોદર દ્વારા ઓડ-ઈવન પધ્ધતિ વિરુદ્ધ શરૂ કરવામાં આવેલ આંદોલન તોડી પાડવા કેશોદ વેપારી મહામંડળ મંત્રી શૈલેષભાઈ સાવલીયા દ્વારા પોતાના વોટ્સએપ નંબર પરથી જુદા-જુદા વેપારીઓ ને અને પોતાના એડમીન વાળાં ગ્રુપમાં મેસેજ વાયરલ કરી કેશોદ મોબાઈલ એશોશીએશન પ્રમુખ રાજુભાઈ બોદર દ્વારા ઓડ-ઈવન પધ્ધતિ વિરુદ્ધ શરૂ કરવામાં આવેલ આંદોલન માં ન જોડાવાની સુચના આપી આંદોલન તોડી પાડવા માટે દુષ્કૃત્ય આચર્યું હતું જેના વિરુદ્ધ માં કેશોદ પોલીસ સ્ટેશનમાં કેશોદ મોબાઈલ એશોશીએશન પ્રમુખ રાજુભાઈ બોદર દ્વારા ફરિયાદ નોંધાવી પગલાં ભરવા માંગણી કરી છે. કેશોદ કાપડબજારમાં ઓડ-ઈવન પધ્ધતિ હેઠળ વેપાર ધંધા રોજગાર એકી બેકી તારીખ મુજબ ચાલું રાખવા તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવતાં કેશોદ કાપડબજાર બંધ કરી વિરોધ કરવામાં આવ્યો હતો ત્યારે કેશોદ વેપારી મહામંડળ મંત્રી દ્વારા દુકાનો ખોલાવવાનો પ્રયત્ન કરતાં સામાન્ય બોલાચાલી પણ થઈ હતી. કેશોદ મોબાઈલ એશોશીએશન પ્રમુખ રાજુભાઈ બોદર દ્વારા ઓડ-ઈવન પધ્ધતિ વિરુદ્ધ શરૂ કરવામાં આવેલ આંદોલન તોડી પાડવા કેશોદ વેપારી મહામંડળ મંત્રી શૈલેષભાઈ સાવલીયા દ્વારા સોશ્યલ મીડિયા માં મેસેજ વાયરલ કરી કેશોદ શહેરમાં વેપારીઓ ને ગેરમાર્ગે દોરવા બદલ અને કોરોના મહામારી માં ઉશ્કેરાટ ફેલાવવા બદલ તેમજ કેશોદ મોબાઈલ એશોશીએશન પ્રમુખ રાજુભાઈ બોદર ની પ્રતિષ્ઠા ને હાની પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે ફોજદારી ધારાની કલમ હેઠળ અને સાયબર ક્રાઈમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે રૂબરૂમાં રજુઆત કરી છે. કેશોદ શહેરમાં વેપારીઓ વચ્ચે વિગ્રહ ફેલાવનાર કેશોદ વેપારી મહામંડળ મંત્રી શૈલેષભાઈ સાવલીયા વિરુદ્ધ કેશોદ પોલીસ દ્વારા પગલાં ભરવામાં આવશે કે કેમ તે આવનારાં દિવસોમાં ખબર પડશે...

## કોરોના વોરિયર્સ શિક્ષિકા

# ગુજરાતમાં પાંચમા શિક્ષકનું કોરોનાને કારણે દુઃખદ અવસાન




અમદાવાદ જિલ્લા પંચાયત લક્ષ્મીપૂરા પ્રા. શાળા, દસક્રોઈ તાલુકામાં ફરજ બજાવતા સંનિષ્ઠ શિક્ષિકા બેન રીટાબેન ઇંદુભાઈ પાવાગઢી નું આજ રોજ કોરોના ને લીધે દુઃખદ અવસાન થયેલ છે. તેમનાં અવસાનને કારણે સમગ્ર શિક્ષક પરિવાર દુઃખનો અનુભવ કરી રહ્યો છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અને સદગતિ આપે તેમજ તેમના પરિવારને આ અણધારી દુઃખદ પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ પ્રદાન કરે.કોરોના મહામારીમાં સોંપાયેલી સર્વેની કામગીરી કરતા કોરોના ગ્રસ્ત થયેલ હતા.ૐ શાંતિ... ૐ શાંતિ...ૐ શાંતિ

## સુરત શહેર ભાજપ મહિલા મોરચા ના મહામંત્રી

# ઉર્વશી બહેન પટેલે હું પણ કોરોના વોરિયરસ“ અભિયાનમાં જોડાવા અપીલ કરી

આજે જયારે આખું વિશ્વ કોરોના ની ઝપેટમાં માં આવ્યુ છે ત્યારે ઘણાં જ લોકોએ પોતાની શક્તિ પ્રમાણે મદદરૂપ થવા પ્રયત્નો કર્યા. આપણી ભારતભૂમિ માં એ જ તો ખાસિયત છે કે ગમે તે આફત હોય હંમેશા લોકો વારે દોડી જતા હોય છે. એવા જ એક કોરોના વોરિયરસ ની વાત હું અહીયા ટાંકવા માંગુ છું સુરત શહેર ભાજપ મહિલા મોરચા ના મહામંત્રી ઉર્વશી બહેન પટેલે અનેક સેવાઓ આપી એટલું જ નહિ, ઘણાં જ લોકોને ફોન કરી જરૂરિયાત માટે પૂછી કીટ આપવાનું કામ કરી હૈયાધારણા પણ આપી સાથે માનસિક સંતુલન બની રહે તે માટે ઘણાં જ લોકો સાથે કાઉન્સિલિંગ કરી લોકો ને ફોન તથા વિડિયો કોલ દ્વારા વાતચીત કરી. તેમજ ઘરમાં રહી ઘરે કઈ પ્રવૃતિ કરવી તેમજ નવી કરીયેટિવિટિ વિકસાવી શકાય તે માટે પણ સમજાવવાનો પૂરો



પ્રયત્ન કરનાર ઉર્વશી બહેને ઘણાં એવા કિસ્સાઓ પણ ઉકેલયા જેમાં સગીરાને પણ કાઉન્સિલિંગ પણ કરવામાં આવ્યું. તેમજ તેમને કાનુની પધ્ધતિ દ્વારા સુરક્ષા મળે તે માટે પણ પૂરા પ્રયત્નો કર્યા. આ રોગ ને નાથવા માટે લોકો સુધી માહિતી આપી લોકોને માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ તેમજ નમસ્તે દ્વારા અભિવાદન માટે પણ લોકો નાં માઈન્ડ સુધી પહોંચાડ્યું. સુરત નાં તમામ વોર્ડ ના જવાબદાર સભ્યો સાથે ચર્ચા કરી અને કોરોના થી બચવા લોકો ને આયુર્વેદિક ઉકાળા પીવા તેમજ વ્યાયામ કરવા વિશે સમજાવ્યું તેમજ બચવા માટે તમામ પ્રયત્નો ચાલુ રાખવા. સાથે તેમણે માસ્ક તેમજ હોમિયોપેથિક દવાઓનું વિતરણ પણ વોર્ડ માં આપી વિસ્તાર માં દવાઓ ઘરે ઘરે પહોંચાડી. ઘણાં જ પ્રયત્નો કરતાં સાથે હું પણ કોરોના વોરિયરસ ‘‘ અભિયાન અંતર્ગત પણ લોકો ને અભિયાન માં જોડાવા લોકો ને ફોન કર્યા તેમજ તે માટે સમજાવ્યા. અહીયા કહેવાનું એ છે કે સતત બે મહિના દરમ્યાન સતત કાર્યરત રહી તેમણે તેની ફરજ બજાવી છે. તેમણે પણ પોતાની કાળજી સાથે લોકો ની પણ ચિંતા કરી છે. આવા લોકો જ હંમેશા લોકો ની સાથે રહી ગમે તે પરિસ્થિતિ માં લોકો ને સહયોગ આપે છે. આ જ એમનું પ્રમાણપત્ર છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.